

# જીવનની રાત્રિની ઋતુઓ

આશિષ રાયચૂર

**ફક્ત મફત વહેચણી માટે**
ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરિચ, બેંગ્લોર, ઈંડિયા દ્વારા છાપણી અને વહેંચણી
અત્યારની પ્રત: 2025

**માહિતી માટે સંપર્ક કરો**
All Peoples Church & World Outreach
#319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

ફોન: +91-80-25452617
ઈમેલ: **bookrequest@apcwo.org**
વેબસાઈટ: **apcwo.org**

પ્રત્યેક વચન એ પવિત્ર બાઇબલ O. V Reference માથી લીધેલ છે. Copyright @ The Bible Society Of India (BSI). બાઇબલની વ્યાખ્યાઓ, હિબ્રૂ અને યુનાની શબ્દો અને તેના અર્થ પવિત્ર શાસ્ત્રમાંથી લીધેલા છે.

**આર્થિક ભાગીદારી માટે**

આ પ્રકાશનોની મફત વહેંચણી ઓલ પીપલ્સ ચર્ચ ના સદસ્યો, મિત્રો અને ઉદાર દાનવીરો દ્વારા આપવામાં આવેલા દાનો દ્વારા શક્ય બનેલું છે. જો તમે આ મફત પ્રકાશનથી આશીર્વાદ પામ્યા છો તો અમે તમને ઓલ પીપલ્સ ચર્ચ દ્વારા મફત પ્રકાશનોને છાપવામાં અને વહેંચણી કરવામાં તમારા આર્થિક સહયોગને આપવામાટે નિમંત્રણ આપીએ છીએ. મહેરબાની કરીને તમે **apcwo.org/give** ની મુલાકાત કરો અને “ઓલ પીપલ્સ ચર્ચની સાથે પાર્ટનર” ઉપર ક્લિક કરો. આ પુસ્તકના પાછળના પાન ઉપર તમે તમારો આર્થિક સહયોગ કેવી રીતે કરી શકો તે લખેલું છે. તમારો આભાર!

**મફત સામગ્રી અને તેના અનુસંધાનમાં વેબસાઇટ**
**સંદેશાઓને માટે**: apcwo.org/sermons|**પુસ્તકો**: apcwo.org/books
**ચર્ચની એપ**: apcwo.org/app | **બાઇબલ કોલેજ**: apcbiblecollege.org
**ઈ-લર્નિંગ**: apcbiblecollege.org/elearn | **કાઉન્સીલિંગ**: chrysalislife.org
**સંગીત**: apcmusic.org | **સેવકોની સંગતી**: pamfi.org
**એપીસી જાગતિક મિશન**: apcworldmissions.org

(Gujarati–The Night Seasons of Life)

# જીવનની
# રાત્રિની
# ઋતુઓ

# અનુક્રમણિકા


1. જીવનની ઋતુઓ 1
2. જીવનની રાત્રિની ઋતુઓ 5
3. રાત્રિની ઋતુ ક્યાંથી આવે છે? 8
4. રાત્રિની ઋતુ કેમ આવે છે? 16
5. જ્યારે બધું અંધકારમય હોય છે ત્યારે ઈશ્વર ક્યાં હોય છે? 21
6. મધ્ય રાત્રીમાં આપણે શું કરવું જોઈએ? 23
7. મારી પ્રભાત ક્યારે આવશે? 31

# 1
# જીવનની ઋતુઓ

જીવન એક મૂસાફરી છે—એક એવી મૂસાફરી જેમાં ઘણા તબક્કાઓ હોય છે! આપણે બધાં એક સમયે નવજાત હતા, પછી બાળકો બન્યા, પછી કિશોરાવસ્થામાં પ્રવેશ્યા, જે સમય જાણે ક્યારેય પૂરો ન થાય એવો લાગતો! ત્યારબાદ પ્રૌઢતામાં આવ્યા. ઘણા લોકોએ લગ્ન કર્યા અને તેમને સંતાનો થયા. સંતાનો મોટા થાય છે, ઘર છોડે છે અને જીવનના બીજા તબક્કામાં આગળ વધે છે. પરંતુ જીવનના દરેક તબક્કામાં અનેક ઋતુઓ આવે છે. જ્યારે આપણે આપણા બાળપણને યાદ કરીએ, ત્યારે મોટાભાગે આનંદભરી યાદો હોય છે—રમકડાં, રમતો અને આઇસ સ્ક્રીમ! પરંતુ અમુક માટે બાળપણનું સ્મરણ એક આઘાતજનક બાબત હોય છે કારણ કે એ સમયે તેમણે કલહ અને અભાવનો અનુભવ કર્યો હોય છે.

## જીવનની ઋતુઓ

આપણે સમજવું પડશે કે ઈશ્વરે જીવનને ઋતુઓમાં રચ્યું છે. જીવનમાં આપણે અનેક ઋતુઓમાંથી પસાર થઈએ છીએ. એ ઋતુઓ બદલાતી રહે છે. સભાશિક્ષકના પુસ્તકમાં આ સત્ય ખૂબ જ સ્પષ્ટ રીતે સમજાવવામાં આવ્યું છે.

**સભાશિક્ષક 3:1**
**પૃથ્વી ઉપર દરેક બાબતને માટે ઋતુ, અને દરેક કામને માટે સમય હોય છે**

**સભાશિક્ષક 3:11**
**ઈશ્વરે દરેક વસ્તુને તેને સમયે સુંદર બનાવી છે! વળી ઈશ્વરે માણસોનાં હૃદયમાં સનાતનપણું એવી રીતે મૂક્યું છે કે આદિથી તે અંત સુધી ઈશ્વરે જે કંઈ કર્યું છે તેનો માણસ પાર પામી શકે નહિ.**

ઈશ્વર ક્યારેય ગોઠવણ વિના કાર્ય કરતાં નથી. તે અચાનક

કોઈ નિર્ણય કરતાં નથી. ઈશ્વર "સમય" અને "ઋતુઓ" મુજબ કાર્ય કરે છે. જ્યારે ઈસુ આકાશમાં જતાં રહેવાના હતા, ત્યારે શિષ્યોએ પૂછ્યું કે, હવે તેઓ એકત્ર થયા ત્યારે તેઓએ તેમને પૂછયું, *"પ્રભુ, શું તમે આ સમયે ઇઝરાયેલનું રાજ્ય ફરીથી સ્થાપન કરો છો?" તેમણે તેઓને કહ્યું, "જે કાળ (ક્રોનોસ) તથા સમય (કાયરોસ) પિતાએ પોતાના અધિકારમાં રાખ્યા છે, તે જાણવાનું તમારું કામ નથી."* (પ્રેરિતોનાં કૃત્યો 1:6,7). પિતાના અધિકારમાં સમય અને ઋતુઓ છે.

## *'ક્રોનોસ'* અને *'કાયરોસ'*

અહીં બે ગ્રીક શબ્દો છે જે સમયને માટે વાપરવામાં આવ્યા છે. *'ક્રોનોસ'* અર્થાત્ "સમયગાળો" અથવા "કેલેન્ડર સમય". *'કાયરોસ'*-"યોગ્ય સમય", "અનુકૂળ ક્ષણ" અથવા "ઈશ્વર દ્વારા નિર્ધારિત સમય". ઈશ્વરના હાથમાં બંને છે—સમયગાળો *(ક્રોનોસ)* અને યોગ્ય સમય *(કાયરોસ).*

આ બાબત વચનમાં દર્શાવેલ ઉદાહરણને બિલકુલ સાચી રીતે લાગુ પડે છે. *"પણ સમય પૂરો થયો, ત્યારે ઈશ્વરે સ્ત્રીથી જન્મેલો, અને નિયમને આધીન જન્મેલો, એવો પોતાનો પુત્ર મોકલ્યો"* (ગલાતીઓને પત્ર 4:4). જ્યારે નિશ્ચિત સમય (*ક્રોનોસ*) આવ્યો ત્યારે ઈશ્વરે તેમના પુત્રને દુનિયામાં મોકલ્યો જેથી મનુષ્યજાતિને તે પોતાની સાથે સમાધાન કરાવે. અહીં આપણે જોઈએ છીએ કે "સમયની પૂર્ણતા" આવે ત્યારે ઈશ્વર કાર્ય કરે છે અને "યોગ્ય સમય" આવે છે. "સમયની પૂર્ણતામાં" ઈશ્વરે તેમના પુત્રને મોકલ્યો. આ રીતે ઈશ્વર કાર્ય કરે છે. એટલે જીવનની ઋતુઓમાં ઈશ્વર સક્રિય છે. ઈશ્વર જ પૃથ્વી ઉપરના મનુષ્યોના સમય અને ઋતુઓને બદલે છે.

## ઈશ્વર સમય અને ઋતુઓને બદલે છે

**દાનિયેલ 2:21**

**તે સમયોને તથા ઋતુઓને બદલી નાખે છે. તે રાજાઓને પદભ્રષ્ટ કરે છે, ને રાજાઓને ગાદીએ બેસાડે છે. તે જ્ઞાનીઓને જ્ઞાન તથા બુદ્ધિમાનોને અક્કલ આપે છે;**

પૃથ્વી ઉપરના સમય અને ઋતુઓમાં ઈશ્વરનું નિયંત્રણ છે. વિશ્વાસીઓ તરીકે આપણને ખાત્રી છે કે આપણા જીવનના સમય અને ઋતુઓ તેના હાથમાં છે. આપણને આ એક અદ્ભુત વિશ્વાસ અને આશા છે. *"મારા સર્વ પ્રસંગો તમારા હાથમાં છે. મારા શત્રુઓના હાથમાંથી તથા મને સતાવનારાઓથી મને છોડાવો"* (ગીતશાસ્ત્ર 31:15). ગીતશાસ્ત્ર 31:15માં હિબ્રૂ શબ્દ "સર્વ પ્રસંગો" આપણા જીવનના "હમણા" અને "ક્યારે"ને દર્શાવે છે. આપણે જાણીએ છીએ કે આપણા જીવનના "હમણા" અને "ક્યારે" બધી વસ્તુઓ ઈશ્વરના હાથમાં છે. તેમને યોગ્ય લાગે તેમ તેઓ ફેરફારોનું આયોજન કરે છે. તેથી આપણે ચિંતિત ન થવું જોઈએ કે ક્યારે યોગ્ય નોકરી મળશે, અથવા યોગ્ય જીવનસાથી મળશે કે નહીં. આપણે વિશ્વાસ રાખવો જોઈએ કે આપણા જીવનના "ક્યારે" તે તેમના હાથમાં છે. જીવનની ઋતુઓને સમજવા માટે સમજણ અને જ્ઞાનની જરૂર છે. આપણે તેમના ફેરફારોને સમજવા લાગણીશીલ બનવું જોઈએ અને યોગ્યરીતે તેનો પ્રતિસાદ આપવો જોઈએ.

*"જે કોઈ [રાજાની] આજ્ઞા પાળે છે તેને કંઈ હરકત થશે નહિ; બુદ્ધિમાન માણસનું અંતઃકરણ પ્રસંગ તથા ન્યાય સમજે છે"* (સભાશિક્ષક 8:5). દરેક બાબતોને માટે એક યોગ્ય સમય હોય છે અને એક ખરો નિર્ણય તે માટે લેવાનો હોય છે. જ્ઞાની એ છે જે જાણે કે શું કરવું અને ક્યારે કરવું. 1 કાળવૃત્તાંત 12:32 માં ઇસ્સાખારના પુત્રોની વાત આવે છે જેઓ સમયને સમજ્યા હતા અને ઇઝરાયલને શું કરવું જોઈએ તે જાણતા હતા. જ્યારે આપણે કહીએ કે કોઈ સમયને અને ઋતુઓને સમજે છે, તેનો મતલબ એ થાય કે આપણે કહીએ છીએ કે માણસે જે તે સમયે શું કરવું જોઈએ તે માણસ તે જાણે છે. જીવનની દરેક ઋતુમાં એક વિશિષ્ટ કાર્ય હોય છે કે જે કરવું જ જોઈએ. જો આપણે પોતાને દુર્દશામાં જોઈએ છીએ અને વિચારીએ છીએ કે આપણે શું કરવું જોઈએ તો આપણે થોડું થોભી જઈને આપણા જીવનની ઋતુની ચકાસણી કરવામાં જ સાચી બુદ્ધિ છે. ઉદાહરણ તરીકે જો કોઈ વિદ્યાર્થી માત્ર દસમા ધોરણમાં હોય અને લગ્ન વિષે

વિચાર કરતો હોય તો તે તદ્દન મૂર્ખામી છે. લગ્ન કરવું એક સારી બાબત છે પણ દસમા ધોરણના વિદ્યાર્થીને માટે એ સંપૂર્ણ રીતે "ઋતુ બહારની" વાત ગણાશે અને તે એકદમ ખોટી વાત છે. આપણા જીવનની દરેક ઋતુમાં એક ચોક્કસ બાબતો કરવાની હોય છે. દરેક ઋતુનો એક હેતુ છે, અને એક ખાસ કાર્ય પૂરું કરવાનું છે. આથી જીવનની જે ઋતુમાં તમે છો, તેને ઓળખો અને એ ઋતુમાં જે કરવું જરૂરી છે, તે કરો.

# 2
# જીવનની રાત્રિની ઋતુઓ

## રાત્રિ ઋતુની લાક્ષણિકતાઓ

જીવનમાં આપણે અનેક ઋતુઓમાંથી પસાર થઈએ છીએ. કેટલીક ઋતુઓ આનંદ અને આશીર્વાદથી ભરેલી હોય છે. પરંતુ કેટલાક સમય એવા પણ આવે છે જે ખાસ આનંદદાયક નથી. એ સમયને આપણે કહી શકીએ—"જીવનની રાત્રિના ઋતુઓ". આપણા બધાના જીવનમાં "દિવસ" અને "રાત" બંને આવે છે.

ચાલો હવે જોઈએ કે રાત્રિની ઋતુઓના કેટલાક લક્ષણો શું હોય છે.

### *અંધકાર*

રાત્રિની ઋતુ એ એવી ઋતુ છે કે જેમાં અસ્પષ્ટતા હોય છે. આગળનો માર્ગ અંધકાર અને  અસ્પષ્ટ લાગે છે. થોડા સમય પહેલાં બધું સ્પષ્ટ અને ઉજળું લાગતું હતું, પરંતુ અચાનક બધું અંધકારમય લાગે છે. પરિસ્થિતિ નિરાશાજનક લાગે છે, ભવિષ્ય અનિચ્છનીય લાગે છે. હવે આગળ શું કરવું તેનો નિર્ણય કરવો મુશ્કેલ લાગે છે.

### *નિષ્ક્રિયતા*

બધું જાણે થંભી ગયેલું લાગે છે. કાઇંપણ થતું નથી એવું લાગે છે. ઘણી પ્રાર્થનાઓ છતાં, ઈશ્વરને શોધવા છતાં, કંઈ જ થતું નથી એવું લાગે છે. પ્રાર્થનાઓનો જવાબ નથી મળતો. પ્રયત્નો નિષ્ફળ લાગે છે. ક્યારેક એવું લાગે છે કે "શું મારો વિશ્વાસ ખરેખર કાર્ય કરે છે?" ઈશ્વર હાજર છે કે નહીં એ પણ સવાલ

ઉભો થાય છે, કારણ કે બધું જાણે અટકી ગયું હોય તેમ લાગે છે.

## *એકલતા*

આ સમય એકલતા સાથે ભરેલો હોય છે. જાણે કોઈને અમારી કાળજી જ નથી. કોઈ સમજતું નથી કે આપણે શું ભોગવી રહ્યા છીએ. એકાંત એટલું ઘેરું લાગે છે કે આપણે વિચારીએ કે "શું ઈશ્વરનું હંમેશાં સાથે હોવાનો વચન સાચું છે?" ઈશ્વર જાણે લાખો માઈલ દૂર લાગે છે.

## *આંતરિક સંઘર્ષ*

રાત્રિની ઋતુ પ્રશ્નોથી ભરેલી હોય છે. ઘણા પ્રશ્નો મનમાં ઉઠે છે કે જેનો જવાબ મેળવવા આપણે શોધ કરી રહ્યા હોઈએ છીએ. આપણે એવા પ્રશ્નોથી ઝૂઝતા હોઈએ છીએ કે "મને પ્રમોશન ક્યારે મળશે?" "લગ્ન માટે મને કેટલો સમય રાહ જોવી પડશે?" "યોગ્ય વ્યક્તિ ક્યારે મળશે?" ઘણા પ્રશ્નો, શોધખોળ અને ઉત્તર શોધવા જેવી સ્થિતિમાં આપણે હોઈએ છીએ.

## *અસ્પષ્ટતા*

આ સમય અસ્પષ્ટતાથી ભરેલો હોય છે. ભલે આપણામાં પ્રતિભા, કુશળતા અને ક્ષમતા હોય, પરંતુ લોકો આપણને ઓળખતા નથી. જાણે આપણે છુપાયેલા હોઈએ. આપણને કોઈ ઓળખતું નથી.

મૂસાનું ઉદાહરણ ધ્યાનમાં રાખો. તેને ઈઝરાયલનો નેતા બનવા માટે બોલાવવામાં આવ્યો હતો, પરંતુ જંગલમાં ઘેટાંઓને ચરાવતો હતો. બીજું ઉદાહરણ દાઉદનું છે. તેને રાજા બનવા માટે બોલાવવામાં આવ્યો હતો, પરંતુ તે પણ જંગલમાં ઘેટાંઓને ચરાવતો હતો. યૂસફ કેદખાનામાં બંધ હતો. યોહાન બાપ્તિસ્મા કે જેને ઈસુ માટે માર્ગ તૈયાર કરવા બોલાવવામાં આવ્યો હતો, પરંતુ તે જંગલમાં રહેતો હતો અને ટીડા અને મધ ખાઈને જીવતો હતો. કોઈ જાણતું પણ નહોતું કે તે ત્યાં હતો.

ઈસુને માટે માર્ગ તૈયાર કરવા માટે તે હતો તેમ છતાં યોહાન બાપ્તિસ્માએ કયારેય જંગલમાં રહેવા માટે કોઈ ફરિયાદ કરી નહીં. પાઉલ એક મહાન પ્રેરિત થવા બોલાવવામાં આવ્યો હતો, પરંતુ 13 વર્ષ તેણે અસ્પષ્ટતામાં વિતાવ્યા.

# 3
# રાત્રિની ઋતુ ક્યાંથી આવે છે?

જ્યારે આપણે જીવનના રાત્રિના ઋતુઓને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ, ત્યારે કેટલાક પ્રશ્નોના ઉત્તર મળવા જરૂરી છે. રાત્રિની ઋતુઓ કઈ રીતે આવે છે? ક્યારે આવે છે? કેમ આવે છે? જ્યારે હું મારા જીવનને જોવ છું અને મારા જીવનની જે રાત્રિની ઋતુઓનો મેં સામનો કર્યો, હું ચાર કારણો પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવા માંગુ છુ કે રાત્રિની ઋતુઓ કેમ આવે છે.

## 1) પ્રભુ આપણને એવી ઋતુઓમાં આપણા માર્ગોમાં નિર્દેશક બને છે

ક્યારેક આપણે રાત્રિની ઋતુમાં હોઈએ છીએ કારણ કે ઈશ્વર આપણને ત્યાં દોરી લઈ જાય છે. કદાચ તેની પાછળ તેમનો કોઈ હેતુ હોય. બાઈબલ કહે છે *"જ્યારે માણસનો માર્ગ યાહોવાને પસંદ પડે છે, ત્યારે તે તેનાં પગલાં સ્થિર કરે છે"* (ગીતશાસ્ત્ર 37:23). યોહાન બાપ્તિસ્માનું ઉદાહરણ કે જે આપણે આ પુસ્તકમાં આગળ જોયું. તે ઈસુનો માર્ગ તૈયાર કરવા બોલાવવામાં આવ્યો હતો, પરંતુ વર્ષો સુધી જંગલમાં રહ્યો, જ્યાં કોઈને ખબર પણ નહોતી કે શું થઈ રહ્યું છે. તેનો સમય આવ્યો ત્યાં સુધી તેણે જંગલમાં તેનો સમય વિતાવ્યો (લૂક 1:80). જાણે ઈશ્વર તેને કહી રહ્યા હોય, "મારો સમય આવે ત્યાં સુધી, તારી જગ્યા જંગલમાં જ છે." આપણે ક્યાંય પણ જોતાં નથી કે ઈશ્વરના જ્ઞાન સામે યોહાન બાપ્તિસ્માએ પ્રશ્ન કર્યો.

પ્રેરિત પાઉલનું ઉદાહરણ જુઓ કે જે યરુશલેમથી દમસ્કસ જઈ રહ્યો હતો. રસ્તામાં જયારે તેને ઈસુ ખ્રિસ્તનો સામનો થયો ત્યારે તેણે એક શક્તિશાળી પ્રકાશને જોયો. ઈશ્વરે તેનો

બચાવ કર્યો. પ્રેરિત થવા માટે ઈશ્વરનું દર્શન તેના જીવનમાટે હતું. ત્યારબાદ તે દમસ્ક્સ ગયો અને ત્યાં તે ફરીથી દેખતો થયો અને ખ્રિસ્ત વિષે પ્રચાર કરવાનું શરૂ કર્યું (પ્રેરિતોનાં કૃત્યો 9:19-25). તેનું જીવન ખતરામાં હતું અને તેણે 3 વર્ષ સુધી આરબના રણમાં રહેવું પડ્યું (ગલાતીઓને પત્ર 1:18). ત્યારબાદ, તે યરુશલેમ આવ્યા અને બીજા બધા પ્રેરિતોને મળીને જે જે અદ્દભુત પ્રગટીકરણ તેને પ્રાપ્ત થયું હતું તે વિષે તેમણે જણાવ્યુ. ફરી એક વાર તેનું જીવન ખતરામાં હતું અને તે ભાગી રહ્યો હતો—આ વખતે 13 વર્ષનો સમય હતો. કોઈ જાણતુ નથી કે આ સમયગાળા દરમિયાન કઈ ચોક્કસ ઘટનાઓ તેના જીવનમાં ઘટી. આપણે એ જાણીએ છીએ કે જે પહેલા ખ્રિસ્તિઓની સતાવણી કરતો હતો તે ખ્રિસ્ત વિષે પ્રચાર કરનાર બન્યો (ગલાતીઓને પત્ર 1:21-24). 13 વર્ષ સુધી તે સિરિયા અને કિલકિયામાં હતો અને ત્યારબાદ તે તાર્ષિશમાં આવ્યો. બાર્નાબાસ અંત્યોખથી ત્યાં આવ્યો અને તેણે પાઉલને ત્યાં જોયો. બાર્નાબાસ તેને અંત્યોખ લઈ આવ્યો અને એક વર્ષ સુધી પાઉલ વચનનું શિક્ષણ આપતો રહ્યો (પ્રેરિતોનાં કૃત્યો 11:25,26). આગળ ચાલીને તે એક મિશનરી અને પ્રેરિતોના સેવા કાર્યની શરૂઆત કરવાનો હતો (પ્રેરીતોનાં કૃત્યો 13:2-4). તો, જ્યારથી દમસ્ક્સના રસ્તા ઉપર પ્રભુ ઈસુ સાથેની મુલાકાતથી લઈને તેની પ્રેરિત તરીકેની સેવાની શરૂઆત કરવામાં 17 વર્ષનો સમયગાળો હતો અને તે સમય દરમિયાન પાઉલે શું કર્યું તેનો ભાગ્યે જ કોઈ ઉલ્લેખ છે. આપણે ચોક્કસપણે જાણીએ છીએ કે તે વચનની સેવા આપતો હતો. પાઉલના જીવનના આ વર્ષોને “મૌનના વર્ષો” તરીકે ઓળખવામાં આવે છે.

આપણામાનાં ઘણાં આપણું તારણ થયા પછી તરત જ કોઈ ખ્યાતિ પ્રાપ્ત સેવા સાથે જોડાવવા માંગીએ છીએ પણ, આપણે ઈશ્વરના કાર્ય કરવાની રીતથી અજાણ હોઈએ છીએ. ચોક્કસ ઈશ્વર આપણી તેના માટે કામ કરવાની ઇચ્છા અને આતુરતાને માન આપે છે, પણ ઘણીવાર આપણને બધી ખબર છે તેવું માની લેવાની ભૂલ કરી બેસીએ છીએ. પાઉલ પ્રેરિત કે

જેને નવા કરારના બે તૃતીયાંશ ભાગ લખવા માટે બોલાવવામાં આવ્યો હતો અને જેની પાસે ઘણા બધા સાક્ષાત્કાર હતા, તેણે 17 વર્ષ અસ્પષ્ટતામાં વિતાવ્યા. જોકે, તે સમય દરમિયાન જ તેને સાક્ષાત્કાર મળ્યા હતા.

## 2) આપણા પોતાના કામ / નિર્ણયો / પસંદગીઓને કારણે આપણે ઠોકર ખાઈએ છીએ

ક્યારેક આપણે પોતે લીધેલા નિર્ણયો ને કારણે પોતાને જીવનની રાત્રિની ઋતુમાં લઈ જઈએ છીએ. ઉદાહરણ તરીકે, કોઈ વિદ્યાર્થી જો અભ્યાસ ન કરે અને સમય બગાડે, તો તે પરીક્ષામાં નિષ્ફળ થઈ શકે છે. આ એક ઉત્તમ દાખલો વિદ્યાર્થીના જીવનમાં આવેલ રાત્રિની ઋતુ માટેનો છે. આગળ જતાં, આને કારણે યોગ્ય નોકરી અથવા કોઈપણ દિશામાં આગળ વધવામાટે તેની માટે તે મુશ્કેલ થઈ શકે છે. આને માટે જો તે વિદ્યાર્થી ઈશ્વરને દોષ આપે તો તે તદ્દન અયોગ્ય છે. કોઈએ પણ એવું નિષ્કર્ષ ન કાઢવું કે ઈશ્વરે આવું થવા દેવા “મંજૂરી” આપી કારણકે આ બાબત સંપૂર્ણપણે જે તે વ્યક્તિના કાર્યને કારણે થઈ છે. તે વિદ્યાર્થીએ અભ્યાસ કરવાની જરૂર હતી કે જેથી તેને પરીક્ષામાં સફળતા મળી હોત. જો તેણે આવું કર્યું હોત તો તેનું જીવન બિલકુલ અલગ હોત. આપણે ઈશ્વરને આવી બાબતો માટે દોષ આપી શકીએ નહીં. ઈશ્વરે આપણને સ્વેચ્છા આપી છે અને જો આપણે સાચો નિર્ણય ના લઈએ, તો ઈશ્વર તેમની ઇચ્છા આપણા ઉપર થોભી દેતા નથી કે જેથી આપણે આપણા જીવનના કપરા સમયથી બચી જઈએ.

વચનમાંથી બીજું એક ઉદાહરણ જોઈએ. મૂસા જાણતો હતો તેના લોકોનો છૂટકારો કરાવવામાટે તેને બોલાવવામાં આવ્યો હતો પણ તેણે તેના લોકો તેને સર્વાનુમતે એક આગેવાન તરીકે સ્વીકારી લેશે એવું ધારી લેવાની ભૂલ કરી. તેણે પોતાના ઉપર ભરોસો રાખીને જે પ્રશિક્ષણ તેને મિસર દેશમાં મળ્યું હતું તેને આધારે બહાર નીકળ્યો. તેણે જોયું કે એક હિબ્રૂ અને મિસરી વ્યક્તિ ઝગડો કરી રહ્યા હતા, તેણે હિબ્રૂ વ્યક્તિને બચાવવાનો

પ્રયત્ન કર્યો અને તેમાં મિસરી વ્યક્તિને તેણે મારી નાખ્યો. બીજી એક ઘટનામાં તેણે જોયું કે બે હિબ્રૂ વ્યક્તિઓ લડી રહ્યા હતા અને જ્યારે તેણે તેમાં મધ્યસ્થતા કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે હિબ્રૂ વ્યક્તિએ તેને પુચ્છયું કે શું તેમના પણ તે મિસરી વ્યક્તિના જેવા હાલ થવાના છે. મૂસા આ સાંભળીને ભયભીત થઈને ત્યાંથી ભાગી ગયો અને પરિણામરૂપે 40 વર્ષ સુધી તે જંગલમાં રહ્યો. હવે અહિયાં પ્રશ્ન એ થાય છે કે  શું ઈશ્વરે આ 40 વર્ષની યોજના કરી હતી? તેનો જવાબ છે “ના”. મૂસાએ પોતાની જાતને જંગલમાં પોતાની ભૂલને કારણે જવું પડ્યું. ઈશ્વરની જે ખરી યોજના હતી તેમાંથી તે પોતે બહાર ગયો. તેણે પોતાની રીતે બધુ કરવાનું પસંદ કર્યું. તે જાણતો હતો કે તેને તેના લોકોના છૂટકારો કરાવવા માટે બોલાવેલ હતો પણ તેણે ઈશ્વરની પ્રક્રિયા અને સમયની રાહ જોવા માટે ધીરજ ના રાખી. તેણે પોતાની રીતે કરવાનું પસંદ કર્યું અને 40 વર્ષ જંગલમાં ગાળ્યા (પ્રેરિતોનાં કૃત્યો 7:20–30). જે લોકો મૂસાને મારી નાંખવાની ઇચ્છા ધરાવતા હતા તેઓ મર્યા ત્યાં સુધી ઈશ્વરે રાહ જોવી પડી (નિર્ગમન 2:15,23).  શું આ 40 વર્ષ ઈશ્વરની યોજના હતી? ના. આ તો મૂસાના નિર્ણયનું પરિણામ હતું.

ઈઝરાયલીઓનું ઉદાહરણ જુઓ. ઈશ્વર તેમને કનાન દેશના કિનારે લાવ્યા—જે જગ્યા કે જેને ઈશ્વર તેમને રહેવા માટે આપવાની ઈચ્છા રાખતા હતા. ઈઝરાયલીઓ પાસેથી એટલી જ અપેક્ષા હતી કે તેમણે 12 જાસૂસોને જગ્યાની જાસૂસી કરવા મોકલવાના હતા અને કેવી રીતે તે ભૂમિને તેઓ પ્રાપ્ત કરે તે માટેની યોજના બનવાની હતી. તેમાંના 10એ અવિશ્વાસની ખરાબ ખબર આપી. તેઓ કનાન દેશના લોકોથી ભયભીત થઈ ગયા અને તેમણે ઈશ્વરનું વચન કે જે તેઓને તે દેશ આપવાનું હતું તેની ઉપર અવિશ્વાસ લાવ્યા. તેઓ મિસરમાં પાછા જવા માંગતા હતા. ઈશ્વરે તેમના અવિશ્વાસ અને કડકડાટનો જે જવાબ આપ્યો તે વાંચવું બહુ જ દુખદાયક છે. *“અમાલેકીઓ તથા કનાનીઓ તો મેદાનમાં રહે છે. કાલે તમે પાછા ફરો, ને સૂફ સમુદ્રને માર્ગે અરણ્યમાં જાઓ.”* (ગણના 14:25).

ઈશ્વરે તેમને પાછા જંગલમાં જવા કહ્યું. તેઓ 40 વર્ષ અરણ્યમાં રહ્યા અને કોઈ પણ જેને અવિશ્વાસ હતો તેઓ તે વચનના દેશમાં પ્રવેશી શક્યા નહીં. ફરી અહીં આપણે વિચારીએ કે શું તે ઈશ્વરની યોજના હતી કે તેઓ 40 વર્ષ સુધી અરણ્યમાં રહે? ફરી થી તેનો જવાબ છે "ના". તેઓ ત્યાં ગયા કારણકે તેમની પસંદગી ઈશ્વરની સૂચનાઓથી વિરુદ્ધ હતી. છતાં એ એક આશ્વાસન છે કે ઈશ્વર હમેશા તેમની સાથે હતા—માર્ગદર્શક તરીકે, સુરક્ષા આપનાર અને આશ્વાસન આપનાર ઈશ્વર તરીકે. એ બાબત સાચી છે કે તેમની સાથે જે થયું તેનાથી ઈશ્વર ખુશ ન હતા. ઈશ્વર ઇચ્છતા હતા કે કનાનની તે ભૂમિ તેઓ પ્રાપ્ત કરે પણ તેઓએ જે ખોટી પસંદગી કરી તેને કારણે તેઓએ ઘણો લાંબો સમય એવી જગ્યાએ કાઢવો પડ્યો કે જે ઈશ્વરની યોજનાનો ભાગ ન હતો. જ્યારે આપણે કોઈ નિર્ણય લઈએ અને તે જ્યારે આપણને એવી દિશામાં લઈ જાય કે જે ઈશ્વરની આપણી માટેની યોજનાના ભાગરૂપે ના હોય, છતાં ઈશ્વર તેમની કરુણામાં આપણી સાથે રહે છે, આપણી જરૂરિયાતને પૂરી પાડે છે, શિક્ષણ આપે છે, દોરવણી આપે છે અને જ્યારે આપણે તેનું સાંભળીએ છીએ તેઓ આપણને ફરીથી તેમના ખરા હેતુ અને યોજનામાં લઈ આવે છે.

## 3) બીજા લોકોના કાર્યો આપણને એવી પરિસ્થિતિમાં ધકેલી દે છે

ક્યારેક બીજાઓના કાર્યના કારણે આપણે રાત્રિની ઋતુમાં ધકેલાઈએ છીએ. યૂસફનું ઉદાહરણ લો. તેના ભાઈઓએ તેની ઈર્ષ્યા કરી અને તેને ગુલામીમાં વેચી દીધો. તેના પિતાના ઘરમાં આરામદાયક જીવનમાંથી ગુલામ તરીકે જીવન જીવવાનું યૂસફ માટે એકદમ અચાનક હતું. એ બહુ મુશ્કેલ નથી કે આપણે તે બાબત ના સમજી શકીએ કે યૂસફ તેમાંથી કેવી રીતે પસાર થયો હશે. તે વિચારતો હશે આ બધામાં ઈશ્વર ક્યાં છે? ઈશ્વરે તેને જે ડહાપણ સ્વપ્ન દ્વારા આપ્યું હતું અને જ્યારે તેણે ખોટા

આરોપને લીધે પોતાને બંદીખાનામાં જોયો ત્યારે તેણે ઈશ્વરને પ્રશ્ન પૂછ્યો હશે. બીજાના કાર્યના પરિણામને લીધે યૂસફની આ દુર્દશા થઈ હતી (ઉત્પત્તિ 37).

દાઉદનું ઉદાહરણ જુઓ. તે રાજા બનવા માટે અભિષિક્ત થયો હતો, પરંતુ શાઉલની ઈર્ષ્યાનો તે ભોગ બન્યો. દાઉદ હમેંશા ભાગતો રહ્યો અને ગુફાઓમાં પોતાને છુપાવતો રહ્યો કારણકે શાઉલ તેને મારી નાખવાને માટે શોધતો હતો(1 શમુએલ 22).

## 4) શત્રુ (શેતાન) આપણી વિરુદ્ધ પૂર જોશથી આવે છે

ઈશ્વર આપણાં જીવનમાં સમય અને ઋતુઓ પ્રમાણે કાર્ય કરે છે, તેમ શત્રુ પણ ક્યારેક વિશેષ તીવ્રતા સાથે આપણા જીવનની અનેક ઋતુઓમાં આપણી સામે ઊભો થાય છે. ઘણા એવા સમયો આપણાં જીવનમાં આવે છે કે જ્યારે આપણે શત્રુની તીવ્ર આક્રમકતાનો અનુભવ કરીએ છીએ અને કોઈક ઋતુમાં તે ઘટી જાય છે. એફેસીઓને પત્ર 6માં આપણને સલાહ આપવામાં આવી છે કે બધુ કર્યા પછી દુષ્ટતાના દિવસોમાં મજબૂત ઊભા રહો. ક્યારેક એવો સમય આપણા જીવનમાં આવે છે કે જેને આપણે “દુષ્ટતાના દિવસો” કહી શકીએ કે જ્યારે શેતાનના હુમલાઓ ઘણા તીવ્ર હોય છે.

**એફેસીઓને પત્ર 6:13**
**એ માટે તમે ઈશ્વરનાં સર્વ હથિયારો સજી લો કે, તમે ભૂંડે દિવસે સામા થઈ શકો, અને બને તેટલું સર્વ કરીને તેની સામે ટકી શકો.**

**લૂક 4:13**
**પછી શેતાન સર્વ પરીક્ષણ પૂરું કરીને કંઈક મુદત સુધી તેમની પાસેથી ગયો.**

ઈસુના જીવનમાં આપણે જોઈએ છીએ કે અરણ્યમાં ઉપવાસ દરમ્યાન તેમની ઉપર શેતાનનું તીવ્ર આક્રમણ આવ્યું. ત્યારબાદ ઈસુને એકલા છોડી દેવામાં આવ્યા હતા. શેતાન આ રીતે કાર્ય કરે છે. આપણે પણ કદાચ આવી ચોક્કસ ઋતુઓમાંથી પસાર થઈએ છીએ જ્યારે આપણે તીવ્ર હુમલાઓનો અનુભવ

કરીએ છીએ અને એવા સમયો જ્યારે હુમલાઓ તીવ્ર હોતા નથી.

અયૂબ આનું એક ઉમદા ઉદાહરણ છે. અયૂબના પુસ્તકમાં આપણે જોઈએ છીએ કે ઈશ્વર માન સાથે કહે છે કે અયૂબ એક ધાર્મિક અને ઈશ્વરનો ભય માનનાર વ્યક્તિ છે. શેતાને ઈશ્વરને કહ્યું કે અયૂબ ઈશ્વર પ્રત્યે વિશ્વાસુ એટલા માટે છે કે કારણકે ઈશ્વરે તેને ખુશી, તંદુરસ્તી અને સમૃદ્ધિનો આશીર્વાદ આપ્યો છે. શેતાને ઈશ્વરને પડકાર આપ્યો કે તે અયૂબ પાસેથી બધુ છીનવી લે અને પછી જુએ કે શું અયૂબ ખરેખર તેમની નજરમાં આનંદદાયક બની રહે છે કે કેમ. તેથી ઈશ્વરે શેતાનને પરવાનગી આપી કે બધુ જે અયૂબની પાસે હતું તેનો નાશ કરી દે. શેતાને તેનું પરિવાર, આરોગ્ય અને સંપત્તિને નષ્ટ કરી નાખી. અયૂબને જે સહન કરવું પડ્યું તે શેતાન દ્વારા કરવામાં આવ્યું હતું ઈશ્વર દ્વારા નહીં. ઘણી વાર લોકો માને છે કે એ ઈશ્વરે કર્યું, પરંતુ શાસ્ત્ર સ્પષ્ટ કહે છે કે એ શેતાનનું કાર્ય હતું.

જેમ આપણે અયૂબનું પુસ્તક વાંચીએ ત્યારે જાણીએ છીએ કે ઈશ્વરે તેનું “બધું લઈ લીધું” ન હતું, શેતાને “બધું લઈ લીધું” હતું. પણ તે સમયે આત્મિક જગતમાં જે કંઈ થઈ રહ્યું હતું તેની અયૂબ ને સંપૂર્ણ સમજણ નહોતી, તેથી તેણે કહ્યું: *“યહોવાએ આપ્યું, અને યહોવાએ લઈ લીધું છે, યહોવાના નામને ધન્ય હો”* (અયૂબ 1:21). અજાણતામાં અયૂબ બોલ્યો કારણકે તે જાણતો ન હતો કે હકીકતમાં એ શેતાને વિનાશ લાવ્યો હતો. મૂર્ખતામાં ઈશ્વરને દોષ આપવામાટે આપણે અયૂબને દોષી ઠેહરાવી શકીએ નહીં. અયૂબ 1:21,22 ને આપણે સંપૂર્ણપણે સમજવામાટે તે અધ્યાયની શરૂઆતમાં જે લખવામાં આવેલું છે તેને ધ્યાનમાં લેવાની જરૂર છે. અયૂબની પાસે પૂર્ણ માહિતી નહોતી કે જે આપણી પાસે આજે છે. અયૂબનું પુસ્તક જૂના કરારનું સૌથી જૂનું પુસ્તક છે, અને તે મૂસાના નિયમોનું પુસ્તક લખાયા અગાઉથી લખવામાં આવ્યું હતું. તે ચોક્કસપણે અયૂબે જે વેદનાઓનો સામનો કર્યો ત્યારબાદ લખાયું હતું. અયૂબના

પુસ્તકનો લેખક (અયૂબ, મૂસા અથવા બીજા કોઈ)ને ચોક્કસ એક સાક્ષાત્કાર થયો કે આત્મિક જગતમાં જે તે સમયે શું બન્યું, જ્યારે તે પુસ્તક લખી રહ્યો હતો. આપણે સમજી શકીએ છીએ કે અયૂબને મોટાભાગે આ બાબતની જાણકારી નહોતી કે જ્યારે તેણે શેતાને તેની વિરુદ્ધ જે કામ કર્યું. અહીં અયૂબની ધાર્મિકતા, ઈશ્વર પ્રત્યેનું સમર્પણ અને તેની પ્રમાણિકતાને ઓછી આંકતા નથી. તેમ છતાં આજે, ઈશ્વર વિષે કોઈપણ અજ્ઞનાતાનો ઢોંગ કરીને આવા વાક્યો બોલી શકીએ નહીં કારણકે આપણી પાસે ઈશ્વરનું વચન સંપૂર્ણ છે. સૌથી ઉત્તમ વાત અયૂબ માટે એ છે કે તેણે ઈશ્વર સામે કડવાશ રાખી નહીં. વાસ્તવમાં તેનું ઈશ્વર પ્રત્યેનું સમર્પણ સંપૂર્ણ હતું (અયૂબ 13:15). તેના ધીરજ અને અડગ વિશ્વાસને અનુસરવાનું આપણને કહેવામા આવ્યું છે (યાકૂબનો પત્ર 5:11), ચોક્કસ ખાતરી સાથે કે ઈશ્વર અંતમાં સઘળું સારું કરવાના છે. અયૂબના પુસ્તકનાં અંતમાં આપણે જોઈએ છીએ કે ઈશ્વરે અયૂબને જે પણ તેણે ગુમાવ્યું હતું તેનું બમણું પાછું આપ્યું. પ્રભુ માત્ર ત્યારે જ દૂર કરે છે જ્યારે આપણે જાણી-જોઈને પાપ અને બળવાખોરીમાં ચાલીએ—જેમ શાઉલના જીવનમાં જોવા મળે છે. ઈશ્વરે શાઉલને રાજ્ય આપ્યું હતું. તેણે ઈશ્વરની આજ્ઞાનો ભંગ કર્યો. એટલે શમુએલ તેની પાસે આવ્યો અને કહ્યું કે ઈશ્વર આ રાજ્યને તેનાથી દૂર કરીને તેને બીજા કોઈને આપશે (1 શમુએલ 15:22-28). આપણે સમજવું જોઈએ કે ઈશ્વર કોઈ પાસેથી કશુ પણ મનસ્વી રીતે દૂર કરતા નથી. હકીકતમાં ઈશ્વર એક “આપનાર” ઈશ્વર છે, જેનો સ્વભાવ ઉદારતાથી આપવાનો છે, જેમ યાકૂબનો પત્ર 1:5 માં સ્પષ્ટ થાય છે.

# 4
# રાત્રિની ઋતુ કેમ આવે છે?

જ્યારે હું મારા જીવન પર વિચારું કરું છું, ત્યારે મને સમજાય છે કે કેટલાક સમયો જે મારા જીવનમાં “રાત્રિની ઋતુ” તરીકે દેખાઈ આવે છે. જાન્યુઆરી 1993 થી સપ્ટેમ્બર 1996 સુધીનો સમય, જ્યારે હું અમેરિકામાં હતો, તે એક ભારે સંઘર્ષનો સમય હતો. તાજેતરમાં ડિસેમ્બર 2003 થી જાન્યુઆરી 2004 દરમિયાન, જ્યારે મારો વેપાર મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યો હતો, તે પણ એવો સમય હતો. મેં પણ મારા જીવનમાં અનેક રાત્રિની ઋતુઓને જોઈ છે. જ્યારે હું પાછળ જોવું છું, ત્યારે હું સમજવા માંડું છું કે ઈશ્વર આપણા જીવનમાં રાત્રિના ઋતુઓ કેમ આવવા દે છે.

## શીખવા અને તાલીમ માટેનો સમય

**ગીતશાસ્ત્ર 16:7**

**યહોવાએ મને બોધ આપ્યો છે, તેમને હું સ્તુત્ય માનીશ. મારું અંત:કરણ મને રાતને વખતે બોધ આપે છે.**

જીવનના અમૂલ્ય પાઠો ઘણીવાર મુશ્કેલ સમયમાં—રાત્રિની ઋતુના સમયમાં—શીખીએ છીએ. જ્યારે આપણે મુશ્કેલ પરિસ્થિતીમાં હોઈએ છીએ ત્યારે ઈશ્વર હંમેશા ચમત્કારિક રીતે હસ્તક્ષેપ કરતા નથી. ક્યારેક તેઓ ઈચ્છે છે કે આપણે પાઠ શીખીએ જેથી ફરી એવી જ પરિસ્થિતિમાં ન ફસાઈએ. એ આપણી ઉપર છે કે આપણે જે કઇં શીખવાનું છે તેને શીખીએ અને બુદ્ધિમાન બનીએ. કેટલાક લોકો વારંવાર એકસરખી ભૂલો કરે છે અને પછી આશ્ચર્ય કરીએ છીએ કે ઈશ્વર તેમના માટે કંઈ કેમ નથી કરતા. કદાચ ઈશ્વર આપણને વારંવાર એવી પરિસ્થિતીઓમાં જવા દે છે કે જ્યાં સુધી આપણે જે પાઠ શીખવાનો છે તે શીખી લઈએ. જ્યાં સુધી આપણે એ "પાઠ

શીખતા" નથી, ત્યાં સુધી આપણે આગળની ઋતુમાં જઈ શકતા નથી.

આપણી ભૂલોમાંથી આપણે શીખવું અને તે પ્રમાણેના બદલાવ કરવા જરૂરી છે. આપણને ભૂલ કરવા માટેની પરવાનગી છે પણ આપણે બુદ્ધિ વાપરીને ફરીથી તે ભૂલ ના કરીએ તો જ યોગ્ય છે. જ્યારે ભૂલ થાય છે ત્યારે આપણે તેમાંથી શીખવાની જરૂર છે અને જરૂરી તકેદારીના પગલાં લઈને પ્રયત્ન કરીએ કે તે ફરીથી ના થાય. જ્યારે આપણે અંધકારના સમયમાં પ્રવેશ કરીએ ત્યારે આપણું વલણ નિરાશાનું ન હોવું જોઈએ. ઈશ્વરને પ્રશ્ન કરવા કરતાં આપણે શીખવું જોઈએ કે આ મુશ્કેલ પરિસ્થિતીમાંથી કઈ કિંમતી શીખ મેળવવીએ છે. ત્યારે જ આપણે આવનારા દિવસોમાં એવી અન્ય પરિસ્થિતીમાં વિજય મેળવી શકીશું.

ઘણી બધી આત્મિક સમજદારી આપણે શીખીએ છીએ તે રાત્રિની ઋતુમાં આપણને કહેવામા આવે છે. ઈસુએ કહ્યું *"હું તમને અંધારામાં જે કહું છું તે તમે અજવાળામાં કહો, ને તમે કાને જે સાંભળો છો તે ધાબાંઓ પરથી પ્રગટ કરો."* (માથ્થી 10:27). આપણે આપણા ઘરના છાપરાં ઉપર ઉભા રહીને પ્રચાર કરીએ તે પેહલા, એવા ઘણા સમય હોય છે કે જ્યાં આપણે તેની હળવે કાને બોલેલી વાતોને સાંભળવામાં સમય વિતાવીએ. ઘણી વખત ઈશ્વર આપણને અંધકારના સમયમાં કિંમતી સંદેશાઓ આપે છે. નીચેનું વચન રાત્રિમાટે લખાયેલું છે પણ એ વાત સાચી છે કે ઈશ્વર આપણને આપણા જીવનના અંધકારમાં પણ વાત કરે છે.

**અયૂબ 35:10**
**પણ કોઈ એમ નથી કહેતું, જે મને રાત્રે ગાયન કરાવે છે,**

ઘણા ગીતો, જે આપણે જીવનમાં ગાઈએ છીએ, એ રાત્રિના સમયમાં જ લખાયેલા છે.

## ચરિત્ર નિર્માણ માટેનો સમય

રાત્રિની ઋતુનો સમય એ ચરિત્ર નિર્માણ માટેનો સમય હોય છે. એ સમયે ઈશ્વર આપણને શુદ્ધ કરે છે અને પરિપક્વ બનાવે છે.

**ગીતશાસ્ત્ર 17:3**
**તમે મારા હ્રદયને પારખ્યું છે; તમે રાત્રે મારી તપાસ રાખી છે. તમે મારી કસોટી કરી છે, અને મારામાં તમને કંઈ દોષ માલૂમ પડ્યો નથી. મારે મુખે હું અપરાધ કરીશ નહિ.**

**અયૂબ 23:10**
**પરંતુ મારી ચાલચલગત તે જાણે છે; મને તે પરખશે ત્યારે હું સોના જેવો નિકળીશ**

આ વચનો મારી માટે ઘણા ઉત્સાહજનક છે. શબ્દો જેવા, *"તે મારી ચાલચલગત જાણે છે"* આપણને ચોક્કસપણે ઉત્સાહ પમાડવા જોઈએ. ચરિત્ર કેવી રીતે નિર્માણ થાય છે? કેવળ બાઇબલની સભાઓમાં જવાથી નહીં. પવિત્રશાસ્ત્ર શીખવે છે કે કષ્ટ ધીરજને ઉત્પન્ન કરે છે અને ધીરજ ચરિત્રને ઉત્પન્ન કરે છે. *"અને માત્ર એટલું જ નહિ, પરંતુ આપણે વિપત્તિમાં પણ આનંદ કરીએ છીએ, કેમ કે આપણે જાણીએ છીએ કે વિપત્તિ ધીરજને, અને ધીરજ અનુભવને, અને અનુભવ આશાને ઉત્પન્ન કરે છે"* (રોમનોને પત્ર 5:3,4). જો આપણે કેટલાક કષ્ટોમાંથી પસાર ના થઈએ અને ધીરજનું નિર્માણ ના કરીએ તો આપણે એક સારા ચરિત્રનું નિર્માણની આશા રાખી શકતા નથી.

ઈશ્વર રાત્રીની ઋતુના સમયમાંથી જ્યારે આપણે જઈ રહ્યા હોઈએ છીએ ત્યારે તે આપણી નબળાઈઓને શક્તિમાં ફેરવે છે. ઈશ્વર આપણી નકારાત્મકતાને અંધકારના સમયમાં હકારાત્મકતામાં બદલી નાંખે છે.

## શક્તિ પ્રાપ્ત કરવાનો સમય

સામાન્ય રીતે આપણે અંધકારના સમયમાં ઈશ્વર તરફથી શક્તિ પ્રાપ્ત કરીએ છીએ. દાઉદ એકલતામાં રહ્યો કે જ્યાં

તે ઘેટાં ચરાવતો હતો. ઈશ્વરે તેને સહાય કરી કે તે દરમ્યાન તેણે સિંહ અને રીંછને મારી નાખ્યા (1 શમુએલ 17:34-37). આ એકલતાના સમયગાળામાં–તેની રત્રિની ઋતુમાં દાઉદે ઈશ્વર ઉપર વિશ્વાસ રાખતો થયો અને ગોલયાથ સામે તે ઉભો રહ્યો. રાત્રીની ઋતુઓના સમયના અનુભવો કે જેમાંથી ઈશ્વર આપણને લઈ જાય છે તે આપણા જીવનને જે ઈશ્વરે આપણી માટે રાખેલા છે તે માટે તૈયાર કરે છે, બાંધે છે અને સજ્જ કરે છે. જો દાઉદે ઘેટાં ચરાવવાથી પોતાને દૂર કર્યો હોત તો તેને કદાચ સિંહ અને રીંછનો સામનો કરવાની અને તેમને મારી નાંખવાની તક ના મળી હોત. ઈશ્વર આવા સમયોમાં આપણી શક્તિને તૈયાર કરે છે. આપણે જ્યારે કેટલાક યુદ્ધ લડીએ ત્યારે જ એક શક્તિશાળી યોધ્ધા બની શકીએ છીએ. આપણે જો અમુક લડાઇઓ લડવામાટે આનાકાની કરીએ તો આપણે ઈશ્વરના શક્તિશાળી યોદ્ધા બની શકતા નથી. આપણે ના કહી શકીએ કે “ઈશ્વર, શેતાનને મારી નજદીક ના આવવા દે”, અને ઇચ્છીએ કે આપણે ઈશ્વરના શક્તિશાળી યોધ્ધા બનીએ. ઈશ્વરની સેનામાં એક પ્રભાવી સેવક તરીકે કામ કરવા માટે આપણને અમુક વ્યક્તિગત અનુભવો હોવા જરૂરી છે. આપણે લડાઈ વિના વિજયને કેવી રીતે જાણી શકીએ? સંઘર્ષ વિના શક્તિ કેવી રીતે હોય શકે? પરીક્ષણ વિના સાક્ષી કેવી રીતે હોય શકે? આવો આપણે એ લડાઇઓનો સામનો કરીએ કે જેથી આપણે જ્યારે તેમાંથી સફળતાપૂર્વક પસાર થઈ જઈએ ત્યારે તે માટે ઊભા રહીને સાક્ષી આપી શકીએ.

## પાયો મૂકવાનો સમય

**માર્ક 4:30-32**

**30અને તેમણે કહ્યું, “ઈશ્વરના રાજ્યને શાની સાથે સરખાવીએ? અથવા તેને શાની ઉપમા આપીએ?**

**31તે તો રાઈના દાણા જેવું છે! જમીનમાં તે વવાય છે ત્યારે પૃથ્વી પરનાં સર્વ બી કરતાં તે નાનું હોય છે!**

**32પણ વાવ્યા પછી તે ઊગી નીકળે છે, ને સર્વ છોડવા કરતાં મોટું થાય છે, ને તેને એવી મોટી ડાળી પણ થાય છે કે આકાશનાં પક્ષીઓ તેની છાયા નીચે વાસો કરી શકે છે.”**

બીજ જ્યારે જમીનમાં પડેલ હોય છે ત્યારે તેમાંથી અંકુર ફૂટે છે. તે સમયે કેટલાક ચોક્કસ બદલાવ થાય છે કે જે જોનાર વ્યક્તિમાટે સ્પષ્ટ ના હોય. રાત્રીની ઋતુના સમયને આપણે અંકુર ફૂટવાની ક્રિયા સાથે સરખાવી શકીએ જ્યાં એવું લાગે કે કઇં જ નથી થઈ રહ્યું. થોડા નિષ્ક્રિયતાના સમયગાળા બાદ બીજનું બાહરી આવરણ તૂટે છે અને તેમાંથી મૂળ અને અંકુર ફૂટે છે. ઝખાર્યા 4:10નો પહેલો ભાગ કહે છે: *"કેમ કે [આરંભમાં] નાનાં [દેખાતાં] કામોના દિવસને કોણે તુચ્છકાર્યો છે?"* આપણે ક્યારેય નાની શરૂઆતને તુચ્છ ગણવી નહીં. હું જ્યારે પાછલા દિવસોને યાદ કરું છું તો આ મંડળી મારા પિતાના બેઠક રૂમમાં ફક્ત આઠ લોકોથી 18 ફેબ્રુઆરી 2001ના રોજ શરૂ થઈ હતી. ત્યારે અમને ખ્યાલ નહોતો કે અમારી પાસે આટલો મોટો ઓડિટોરિયમ આટલા બધા લોકોથી ભરેલો હશે. ઈશ્વરના રાજ્યમાં મહાન બાબતો એક નાની શરૂઆતથી થાય છે. તેમછતાં અંકુર ફૂટવાની પ્રક્રિયામાંથી જવા માટેની આપણામાં ધીરજ હોવી જોઈએ, એ સમય કે જ્યારે પાયો નંખાય છે અને આપણે અદ્રશ્યમાંથી દેખાતા થઈએ છીએ.

# 5
# જ્યારે બધું અંધકારમય હોય છે ત્યારે ઈશ્વર ક્યાં હોય છે?

**ગીતશાસ્ત્ર 121:4**
**જુઓ, ઇઝરાયલના જે રક્ષક છે તે ઊંઘતા નથી અને નિદ્રાવશ થતા નથી.**

**ગીતશાસ્ત્ર 74:16**
**દિવસ તમારો છે, રાત પણ તમારી છે; અજવાળું તથા સૂર્ય તમે સિદ્ધ કર્યાં છે.**

**દાનિયેલ 2:22**
**તે ગહન ને ગુહ્ય વાતો ખુલ્લી કરે છે; અંધારામાં જે કંઈ હોય તે તે જાણે છે, ને પ્રકાશ તેમની સાથે રહે છે.**

**ગીતશાસ્ત્ર 46:1,2**
**1ઈશ્વર આપણા આશ્રય તથા આપણું સામર્થ્ય છે, સંકટને સમયે તે હાજરાહજૂર મદદગાર છે.**
**2માટે જો પૃથ્વી ઊથલપાથલ થાય, જો પર્વતો સમુદ્રમાં ડૂબી જાય,**

**રોમનોને પત્ર 8:35**
**ખ્રિસ્તના પ્રેમથી આપણને કોણ જુદા પાડશે? શું વિપત્તિ કે, વેદના કે, સતાવણી કે, દુકાળ કે, નગ્નતા કે, જોખમ કે, તરવાર?**

રાત્રિની ઋતુના સમયમાં ઈશ્વર જાણે લાખો કિલોમીટર દૂર હોય એમ લાગે છે અને આપણને પ્રશ્ન ઉદ્દભવે છે કે “ઈશ્વર ક્યાં છે જ્યારે મારે એમની બહુ જ જરૂર છે?” ઈશ્વરનું વચન જ એક આપણા માટે ખાતરીદાયક છે. ઈશ્વરનું વચન આપણને કહે છે કે તે ક્યારેય ઊંઘતા નથી અને નિદ્રાવશ થતાં નથી. ઈશ્વર તમારા જીવનમાં કાર્ય કરવામાંથી વિરામ લેતા નથી! ઈશ્વર કાર્યરત છે. “રાત્રિ” અને “દિવસ” બંને ઈશ્વરમાટે સમાન છે. તેમણે બંનેને સરખા બનાવ્યા છે. શું બની રહ્યું છે તેની તમને જરાપણ ખબર

ના પડતી હોય, રાત્રિની ઋતુના સમયમાંથી બહાર કેવી રીતે આવવું તે માટેનો યોગ્ય માર્ગ તમે ના શોધી શકતા હોય, તમે ત્યારે ખાત્રીમાં રહો કે ઈશ્વર જાણે છે કે અંધકારમાં શું છે. તેમની પાસે અજવાળું છે. તે બહાર નીકળવાનો માર્ગ જાણે છે. ઈશ્વર *"સંકટને સમયે હાજરાહજુર મદદગાર છે"* (ગીતશાસ્ત્ર 46:1), તેનો મતલબ એ થાય કે તમારી મુશ્કેલભરી પરિસ્થિતિમાં તે તમારી સાથે છે. તે ત્યાં તમારી સાથે છે. કોઈપણ ઘટના કે પરિસ્થિતી તમને ઈશ્વરનો તમારી પ્રત્યેનો પ્રેમ છે તેનાથી દૂર કરી શક્તી નથી (રોમનોને પત્ર 8:35). ઈશ્વરનો પ્રેમ આજે પણ એટલો જ તીવ્ર અને સાચો છે જેટલો ત્યારે હતો જ્યારે તેણે પોતાના એકમાત્ર પુત્રને તમારી માટે મરણ પામવા આપ્યો હતો. તે તમને આજે ઓછો પ્રેમ કરતો નથી!

# 6
# મધ્ય રાત્રીમાં આપણે શું કરવું જોઈએ?

અહીં કેટલીક બાબતો છે કે જે આપણે જ્યારે રાત્રિની ઋતુમાંથી પસાર થઈ રહ્યા હોઈએ ત્યારે કરવી જોઈએ.

## આપણા હૃદયને ઈશ્વર પ્રત્યે અડગ રાખવું

અયૂબે આ એક અદ્ભુત વાક્ય કહ્યું, *"તે મને મારી નાખે, તોપણ હું તેમની રાહ જોઈશ;"* (અયૂબ 13:15). આપણા સમર્પણની આવી તીવ્રતા હોવી જોઈએ. જ્યારે અયૂબની સાથે જે થઈ રહ્યું હતું તે માટે "કેમ" અને "ક્યારે" સમજી શક્યો નહોતો છતાં તેનામાં આવું કહેવાની શક્તી હતી, *"પરંતુ મારી ચાલચલગત તે જાણે છે; મને તે પરખશે ત્યારે હું સોના જેવો નીકળીશ."* (અયૂબ 23:10). અપણે પણ એ જ રીતે, બધું સમજાતું ન હોય છતાં, પ્રભુ પ્રત્યે વિશ્વાસુ રહેવું છે. આપણા હૃદયને તેના પર અડગ રાખવું જોઈએ. આપણા જીવનની ઋતુઓ કદાચને બદલાઈ જાય પણ ઈશ્વર ક્યારેય બદલાતા નથી. તેથી આપણે ઈશ્વર પ્રત્યે અડગ રહીએ.

## તેની સ્તુતિ આપણા હોઠ પર રાખવા

ભલે પરિસ્થિતિ કઠણ હોય, પણ આપણો ચહેરો નિરાશાથી ભરેલો ન હોવો જોઈએ. ઈશ્વર હજી પણ સિંહાસન પર છે અને તે હંમેશાં સ્તુતિને લાયક છે પછી ભલે આપણને તેની સ્તુતિ કરવાની લાગણી હોય કે ના હોય. હબાકુક 3:17,18માં કહે છે, *"જો કે અંજીરીને મોર ન આવે, ને દ્રાક્ષાવેલાઓને દ્રાક્ષા ન લાગે; જૈતૂનની પેદાશ ન થાય, ખેતરોમાં કંઈ અન્ન પાકે નહિ; વાડામાંથી ઘેટાંબકરાં નાશ પામે, ને કોડમાં કંઈ ઢોરઢાંક રહે નહિ: તોપણ હું યહોવામાં હર્ષ પામીશ, હું મારા મોક્ષદાતા ઈશ્વરમાં આનંદ કરીશ."* આ છે સાચી પ્રતિબદ્ધતા! આનંદને

અંગ્રેજીમાં જે-વાય-ઓ તરીકે લખવામાં આવે છે. આપણે કદાચ આ બાબતની જાણ ધરાવતા હઈશુ.

"જે"–નો મતલબ– "જીસસ"

"વાય" –નો મતલબ– "તમે"

"ઓ" –વચ્ચે છે અને તેનો કોઈ મતલબ "નથી".

ખરો આનંદ કેવળ તમારા અને ઈસુના સંબંધ ઉપર જ આધારિત હોવો જોઈએ ના કે તમારી પરિસ્થિતિઓ ઉપર. ખરો આનંદ આપણા જીવનમાં વાસ્તવિક રીતે હોવો જોઈએ પછી ભલે આપણી પાસે કેવળ આપણા મુક્તિદાતા સાથેના સંબંધ સિવાય બીજું કઇં પણ ના હોય.

*"હું સર્વ સમયે યહોવાને ધન્યવાદ આપીશ; મારે મુખે તેમની સ્તુતિ નિરંતર થશે"* (ગીતશાસ્ત્ર 34:1). આપણે ફક્ત જ્યારે સારા સમયોમાંથી પસાર થતા હોઈએ ત્યારે જ ઈશ્વરની સ્તુતિ નહીં પણ પ્રત્યેક સમયે કરવી જોઈએ. જ્યારે આપણે મુશ્કેલ સમયમાંથી પસાર થતા હોઈએ ત્યારે પણ આપણે ઈશ્વરને ધન્યવાદ આપવો જોઈએ. ચાલો આપણે પ્રતિબદ્ધતા કરીએ કે જયારે આપણે મુશ્કેલ સમયમાંથી પસાર થઈએ ત્યારે ઈશ્વરની સ્તુતિ વધારે કરીશું.

## જે શીખ્યા છીએ તે જીવવું

આપણે ખરેખર કોણ છીએ અને કઈ બાબતો ઉપર આપણો અડગ વિશ્વાસ છે અને આપણે કઈ બાબતોથી બનેલા છે તે આપણા જીવનના સારા સમયોમાં નહીં પણ જીવનના મુશ્કેલ અને કઠિન સમયમાં બહાર આવે છે. આગ આપણુ પરીક્ષણ કરે છે કે આપણે શાના બનેલા છે. જ્યારે બધું સારું ચાલે છે ત્યારે "હાલેલૂયાહ" અને "પ્રેઈઝ ધ લોર્ડ" કહેવું સહેલું છે. એ બહુ રસપ્રદ હશે કે જ્યારે મુશ્કેલ પરિસ્થિતીમાં કેવા શબ્દો આપણા મુખમાંથી નીકળે છે. જેમ યાકૂબનો પત્ર 1:22 કહે છે તેમ આવો આપણે ફક્ત વચન સાંભળનારા જ નહીં પણ વચન પાળનારા

પણ બનીએ.

## આપણા વિશ્વાસ અને કબૂલાતને પકડી રાખીએ

**હિબ્રૂઓને પત્ર 10:23**
**આપણે આપણી આશાની કબૂલાત દઢ પકડી રાખીએ, કેમ કે જેમણે વચન આપ્યું તે વિશ્વાસયોગ્ય છે.**

પકડી રાખો! તે વિશ્વાસુ છે! હું અમેરિકા ગયો તે પહેલા હું ભારતમાં લોકોને ઈશ્વરની સુંદરતા, તેમની ઇચ્છા, સાજાપણું આપવાની ક્ષમતા અને વિશ્વાસ વિષે શીખવતો હતો. મેં વિશ્વાસથી લોકોની સેવા કરી. અમેરિકા પહોંચ્યા પછી તરત જ મેં અનુભવ્યું કે આ દેશ "દૂધ અને મધથી રેલમછેલમ વાળો નથી", જેવુ મેં વિચાર્યું હતું. પરંતુ હું મારા જીવનનો સૌથી અંધકારમય સમયમાનાં એક સમયમાં પ્રવેશ્યો. એવા સમયો હતા જ્યારે મારી પાસે ખાવાનું લેવાના કે ખાવાના પૈસા નહતા. તેમ છતાં, મારા જીવનના તે સમયગાળા દરમિયાન, મેં મારા અનુભવને અનુરૂપ મારા ધર્મશાસ્ત્રમાં કોઈ ફેરફાર કર્યો નહીં. વાસ્તવિકતામાં, તે સમયે મેં ઈશ્વરના વચનને વધારે પકડી રાખ્યું. મેં વિશ્વાસ રાખ્યો કે યહોવા મારો પાળક છે અને મને કશી ખોટ પડશે નહિ (ગીતશાસ્ત્ર 23:1). મેં વિશ્વાસ રાખ્યો કે ઈશ્વર મારી સર્વ ગરજ પૂરી પાડશે *"પોતાના મહિમાની સંપત પ્રમાણે તમારી સર્વ ગરજ ખ્રિસ્ત ઈસુમાં પૂરી પાડશે"* (ફિલિપીઓને પત્ર 4:19). મેં વિશ્વાસની પસંદગી કરી કે હું જે કઈં કરીશ તેમાં મને સફળતા મળશે. મારી પરિસ્થિતિ ભલે ખરાબ હોય પણ શાસ્ત્રનું વચન ખરું છે. મેં ઈશ્વરના વચનને પકડી રાખ્યું અને કહ્યું, "હું વિશ્વાસ રાખું છું કે આ ઈશ્વરનું વચન છે અને તે જરૂર પાર પડશે."

જેમ મેં ઈશ્વરના વચનમાં વિશ્વાસ કરવાનું ચાલુ રાખ્યું, મેં જોયું કે મારા જીવનમાં બાબતો બદલાવા લાગી અને ઈશ્વરે મને ઊંચો કર્યો. જ્યારે મારી પાસે કશું પણ નહતું ત્યારે હું કલ્પના કરતો હતો કે હું ભારત પાછો ફરીને એક મજબૂત મંડળીને ઊભી કરીશ કે જે રાષ્ટ્રમાં પ્રભાવ પાડે. એક જ વાત

કે જેણે તફાવત લાવ્યો એ તો ઈશ્વરનું વચન હતું. જો આજે કોઇ "વિશ્વાસ" વિષેના શિક્ષણમાટે એવો સંશય ઊભો કરે અને પ્રશ્ન પૂછે કે શું "ઈશ્વર પરનો વિશ્વાસ" કામ કરે છે, હું ઉત્તર આપીશ, "ચોક્કસપણે"! મેં આ સિદ્ધાંતને મારા જીવનમાં જીવ્યો છે. અને તે સાચો ઠર્યો છે. હું આ સિદ્ધાંતને કોઈ સૈદ્ધાંતિક રીતે બાઇબલ કોલેજ અથવા કોઈ પુસ્તક વાંચીને નથી શીખ્યો. હું આને મારા જીવનમાં જીવ્યો છું. જો કોઈ મને પ્રશ્ન પૂછે કે હું કેમ "સમૃદ્ધિ" વિષે શીખવું છું અને મને અન્યથા સમજાવવાનો પ્રયત્ન કરે, હું સમજવાનો નથી. મેં ઈશ્વરના વચન "જરૂર"માં ઈશ્વરની વિશ્વાસનિયતાનો અનુભવ કર્યો છે. તેમનું વચન સત્ય છે. જ્યારે તમે તમારી રાત્રિની ઋતુમાંથી પસાર થાઓ ત્યારે તમારે આ જ કરવાનું છે–તમારી કબૂલાતના વિશ્વાસમાં અડગ રહો.

## વિશ્વાસની સારી લડાઈ લડો

**1 તિમોથીને પત્ર 6:12**

**વિશ્વાસની સારી લડાઈ લડ, અનંતજીવન ધારણ કર. એને માટે તને તેડવામાં આવ્યો છે, અને એને વિષે તેં ઘણા સાક્ષીઓની સમક્ષ સારી કબૂલાત કરી છે.**

વિશ્વાસના માર્ગને "લડાઈ" કહેવામા આવે છે. આપણને કહેવામાં આવ્યું છે *"વિશ્વાસની સારી લડાઈ લડો"*. જો આપણે લડાઈમાં હોઈએ, તો એ ચોક્કસ છે કે ત્યાં આપણા શત્રુઓ આપણી વિરુદ્ધ હશે. આપણે એક સારી લડાઈમાં છે–એવી લડાઈ કે જે લડવી યોગ્ય છે. તો લડાઈ છોડી ના દો–જ્યારે યુદ્ધ કઠણ બને ત્યારે પણ. વિશ્વાસની સારી લડાઈ લડતા રહો.

## આપણા હ્રદયનું રક્ષણ કરવું

મુશ્કેલીના સમયમાં આપણા હ્રદયનું કડવાશથી રક્ષણ કરો. આ એવો સમય હોય છે કે જ્યારે આપણે ઈશ્વર અને અન્ય લોકો પ્રત્યે કડવાશભરી ભાવનાઓ વિકસિત કરી શકીએ છીએ–આપણા પાળકો, આપણા પડોશી, ઈશ્વર અને પોતાની પ્રત્યે પણ આપણે ગુસ્સો કરીએ છીએ. આપણે કડવી ભાવનાઓ

કદાચ વિકસિત કરી શકીએ છીએ. જો આપણે બાઈબલની ચેતવણીઓને જે કહેવામાં  આવી છે તેની અવગણના કરીએ અને કડવી ભાવનાઓને પ્રવેશવા દઈએ તો આપણે જ તેનાથી વધુ પ્રભાવી થઈશું. *"પૂર્ણ ખંતથી તારા હૃદયની સંભાળ રાખ; કેમ કે તેમાંથી જ જીવનનો ઉદભવ છે"* (નીતિવચનો 4:23). આપણુ જીવન આપણા હૃદયમાં શું છે તેનાથી નક્કી થશે. યૂસફ આ માટેનું એક ઉમદા ઉદાહરણ છે. યૂસફને તેના ભાઈઓએ મિસરમાં ગુલામ તરીકે વેચી દીધો, અને તેમના પિતાના મૃત્યુ પછી તેના ભાઈઓ ભયભીત હતા કે તેમના કરેલા કાર્યનો તે કેવી રીતે પ્રત્યુત્તર આપશે. યુસુફે તેમને પૂર્ણપણે માફ કર્યા તેના ભાઈઓ પ્રત્યે તેનામાં કોઈ કડવાશ નહોતી કારણકે તે એક મોટા ચિત્રને જોઈ શક્યો હતો.

**ઉત્પત્તિ 50:19,20**

**19 અને યૂસફે તેઓને કહ્યું, "બીહો નહિ; કેમ કે શું હું ઈશ્વરને ઠેકાણે છું?**
**20 તમે તો મારું ભૂંડું કરવા ચાહ્યું હતું; પણ ઈશ્વરે તેમાં ભલું કરવાનું ધાર્યું કે, જેમ આજે થયું છે તેમ, તે ઘણા લોકના જાન બચાવે.**

## સહનશીલતા વિકસાવવી

**ગીતશાસ્ત્ર 40:1–3**

**1 મેં ધીરજથી યહોવાની રાહ જોઈ; અને તેમણે કાન દઈને મારી અરજ સાંભળી.**
**2 તેમણે મને નાશના ખાડામાંથી તથા ચીકણા કાદવમાંથી ખેંચી કાઢયો. તેમણે મારા પગ ખડક પર ગોઠવ્યા, અને મારાં પગલાં સ્થિર કર્યાં.**
**3 તેમણે નવું ગીત, એટલે આપણા ઈશ્વરનું સ્તોત્ર, મારા મુખમાં મૂકયું છે; ઘણા તે જોશે અને બીશે, અને યહોવા પર ભરોસો રાખશે.**

જ્યારે તમે જીવનની મુશ્કેલ પરિસ્થિતિમાંથી જાઓ ત્યારે સહનશીલતાને વિકસાવો. જ્યારે હું તકલીફમાંથી જઇ રહ્યો હતો ત્યારે, ગીતશાસ્ત્ર 40:1-3 દ્વારા હું શક્તિ અને પ્રોત્સાહન જેની મારે જરૂર હતી તે પામ્યો. હું જાણતો હતો કે હું "ખાડામાંથી" બહાર આવીશ. મને ખબર નહોતી કે ક્યારે, પણ મને ખાતરી હતી કે ઈશ્વર મને જરૂર ઊંચો કરશે. એવા સમયો હતા કે

જ્યારે હું મારા અંધકારના સમયમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે હું કલ્પના કરતો હતો કે ઈશ્વર શું કરવા ઇચ્છે છે અને મને કેવો બનાવવા ઈચ્છે છે, જો કે તે સમયે કશું જ નહતું. મેં મુશ્કેલ પરિસ્થિતિઓમાં સહનશીલતા રાખી કારણકે જે આનંદ હું જાણતો હતો કે જે મારી આગળ છે.

**યાકૂબનો પત્ર 5:10,11**

**10 મારા ભાઈઓ, દુ:ખ સહન કરવામાં તથા ધીરજ રાખવામાં જે પ્રબોધકો પ્રભુના નામથી બોલ્યા, તેઓનો દાખલો લો.**

**11 જુઓ, જેઓએ સહન કર્યું હતું, તેઓને ધન્ય છે, એમ આપણે માનીએ છીએ: તમે અયૂબની સહનતા વિષે સાંભળ્યું છે, અને પ્રભુથી જે પરિણામ આવ્યું તે ઉપરથી તમે જોયું છે કે, પ્રભુ ઘણો દયાળુ તથા કૃપાળુ છે.**

**હિબ્રૂઓને પત્ર 12:2**

**આપણે આપણા વિશ્વાસના અગ્રેસર તથા તેને સંપૂર્ણ કરનાર ઈસુની તરફ લક્ષ રાખીએ કે, જેમણે પોતાની આગળ મૂકેલા આનંદને લીધે શરમને તુચ્છ ગણીને મરણસ્તંભનું [દુ:ખ] સહન કર્યું, અને જે ઈશ્વરના રાજયાસનની જમણી તરફ બેઠેલા છે.**

યાકૂબમાં લખેલ પ્રબોધકોની ધીરજને જુઓ. અયૂબવિષે વિચારો, તે તેની પ્રત્યેક પરેશાનીઓનો ધીરજથી સામનો કર્યો. તમારે ધીરજથી પકડી રાખવાની જરૂર છે. ઈસુએ તેની આગળના આનંદને જોયો અને વધસ્તંભનો સહનશીલતાથી સામનો કર્યો. ઈશ્વર તમને જે દર્શન આપ્યું છે તેને વળગી રહો. ભલે તમને તે અશક્ય લાગે, પણ ઈશ્વરે આપેલા દર્શનને તાજું અને નવીન કરો. તે દર્શનને પૂર્ણ કરવનો વિચાર તમને રાત્રિની ઋતુમાંથી પસાર થવા માટે આગળ લઈ જશે.

## બધા પ્રશ્નોના જવાબ નહીં મળે

**પુનર્નિયમ 29:29**

**મર્મો યહોવા આપણા ઈશ્વરના છે. પણ પ્રગટ કરેલી વાતો સદા આપણી તથા આપણાં સંતાનોની છે કે, આપણે આ નિયમનાં સર્વ વચનો પાળીએ.**

આપણામાના ઘણાબધાની વૃત્તિ હોય છે કે આપણે પ્રશ્નો પ્રત્યે એટલા બધા કેન્દ્રિત હોઈએ છીએ કે જેના ઉત્તર આપણને

સ્વર્ગની આ બાજુ ક્યારેય નહીં મળે. ઈશ્વર આપણા બધા પ્રશ્નોનો ઉત્તર આપવા બંધાયેલા નથી. તેમણે આપણને બાઈબલમાં આપણે જે જાણવું જોઈએ તે બધુ આપેલું છે. આપણા જીવનની રાત્રિની ઋતુના સમયમાં એવા ઘણા પ્રશ્નો આપણે પૂછી શકીએ– તેમાના ઘણા પ્રશ્નોના જવાબ આપણને ના મળે. પણ ન મળેલ પ્રશ્નોનાં ઉત્તરને કારણે આપણું જીવન રોકી ન રાખો. તેની સાથે આગળ વધો! તમને તમારા પ્રશ્નોના ઉત્તર જ્યારે તમે સ્વર્ગમાં જશો ત્યારે મળી જશે. પણ અત્યારે તમારી દોડને પૂરી કરવા દોડો. એવા સમય હોય છે કે જ્યારે આપણે "કેમ?" પૂછવાનું બંધ કરવું જોઈએ અને ઈશ્વરની યોજનામાં આગળ વધતા રહેવું જોઈએ.

## ઈશ્વરના દર્શનમાં વિશ્વાસુ રહો અને આગળ વધતા રહો

**1 કરિંથીઓને પત્ર 15:58**

**એ માટે, મારા પ્રિય ભાઈઓ, તમે સ્થિર તથા દઢ થાઓ, અને પ્રભુના કામમાં સદા મચ્યાં રહો, કેમ કે તમારું કામ પ્રભુમાં નિરર્થક નથી એ તમે જાણો છો.**

**2 તિમોથીને પત્ર 4:2**

**તું સુવાર્તા પ્રગટ કર. અનુકૂળ તથા પ્રતિકૂળ પ્રસંગે તત્પર રહે સંપૂર્ણ સહનશીલતાથી ઉપદેશ કરીને ઠપકો આપ ધમકાવ તથા ઉત્તેજન આપ.**

આપણે રાત્રિની ઋતુ અથવા મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યા છે એનો મતલબ એ નથી કે આપણે સંપૂર્ણપણે ઈશ્વરનું દર્શન જે આપણા જીવન માટે છે તેમાંથી પાછા હટી જઈએ. આપણામાના કેટલાએક એવી ટેવોમાં છે કે જ્યારે બધુ સારું હોય ત્યારે જ ઈશ્વરની સેવા કરવી. જ્યારે જીવન થોડું મુશ્કેલ બની જાય ત્યારે આપણે પોતાને સેવામાં આપણો સમાવેશ ઓછો કરી દઈએ અને પોતાના કવચમાં જતાં રહીએ. આપણે બીજાઓની કાળજી ના કરીએ. આ એવું દેખાઈ આવે કે આપણી પ્રતિબદ્ધતા જે દર્શન ઈશ્વરે આપણને આપ્યું છે તે આપણી પરિસ્થિતિઓ ઉપર આધારિત છે નહીં કે "સ્વર્ગીય દર્શન" કે જે "હૃદયનો પ્રતીભાવ"ને દર્શાવે છે. ગમે તે ઋતુમાં તમને ઈશ્વરે જે દર્શન તમને આપ્યું છે તેને વિશ્વાસુ રહો.

ઈશ્વર તમને તમારા જીવનની પ્રત્યેક ઋતુમાં જે કરવા ઇચ્છે છે તે કરો. “યો–યો” ખ્રિસ્તી જેવા ના બનો કે જે ક્યારેક ઉપર તો ક્યારેક નીચે હોય. પવિત્ર આત્માનું ફળ સંયમ અથવા સહનશીલતા (ગલાતીઓને પત્ર 5:22)–પ્રત્યેક પરિસ્થિતી કે ઘટનાઓમાં એકરૂપ રહેવું.

## પાઠ શીખો, જરૂરી બદલાવ લાવો અને બુદ્ધિમાન બનો

કેટલાક ચોક્કસ પાઠ શીખવા અને ચોક્કસ બદલાવ આપણા જીવનમાં લાવવા જરૂરી છે–આપણું ચરિત્ર, ચાલચલગત અને આપણે પોતાને કેવી રીતે શીષ્તામાં લાવીએ. જ્યાં સુધી આપણે આ ના શિખીએ અને બદલાણ ના લાવીએ–અને પરિપકવતા સુધી ના લઈ જઈએ અને પાકવાની સ્થિતિએ ના પહોંચીએ આપણી ઋતુ બદલાશે નહીં.

## 7
# મારી પ્રભાત ક્યારે આવશે?

ઘણાં લોકો માટે એ સમજવું મુશ્કેલ નથી કે તેઓ રાત્રિના ઋતુમાંથી પસાર થઈ રહ્યા છે. પરંતુ પ્રશ્ન એ છે પ્રભાત ક્યારે આવશે. આપણે ઘણી વાર વિચારીએ છીએ કે શું કરું કે જેથી સવાર જલદી આવે.પણ આપણે સમજવાની જરૂર છે કે ઈશ્વર સમયને અલગ રીતે જુએ છે. આપણે ઈચ્છીએ છીએ કે તરત જ ઈશ્વર હસ્તક્ષેપ કરે અને આપણા રડવાનો સમય નૃત્યના સમયમાં બદલાઈ જાય. પરંતુ ઈશ્વરનો સમય અંગેનો અભિગમ આપણાથી જુદો છે.

**2 પિતરનો પત્ર 3:8**
**પણ, વહાલાઓ, આ એક વાત તમે ભૂલી ન જાઓ કે, પ્રભુની નજરમાં એક દિવસ હજાર વરસોના જેવો, અને હજાર વરસો એક દિવસના જેવાં છે.**

**ગીતશાસ્ત્ર 90:4**
**કેમ કે,  તમારી દૃષ્ટિમાં હજાર વર્ષો વીતી ગયેલી કાલના જેવાં, અને રાતના એક પહોર જેવાં છે.**

## આપણે જરૂરી બદલાવ લાવીએ ત્યાં સુધી ઈશ્વર રાહ જુએ છે

**યશાયા 58:6–11**
**6 [પણ] દુષ્ટતાનાં બંધનો છોડવાં, ઝૂંસરીનાં જોતર છોડવાં, દબાયેલાને**
**મુક્ત કરીને વિદાય કરવા, અને વળી સર્વ ઝૂંસરીને ભાંગી નાખવી.-જે**
**ઉપવાસ હું પસંદ કરું છું તે શું એ નથી?**
**7 ભૂખ્યાઓને તારી રોટલી વહેંચી આપવી, અને ભટકતા ગરીબોને ઘેર**
**લાવવા, શું તે ઉપવાસ નથી? નગ્નને જોઈને તારે તેને [વસ્ત્ર] પહેરાવવું, ને**
**તારા બંધુઓથી મોં સંતાડવું નહિ.**
**8 ત્યારે તારો પ્રકાશ પ્રભાતના જેવો થશે, ને તારું આરોગ્ય જલદી થશે. તારું**
**ન્યાયીપણું તારી આગળ ચાલશે, અને યહોવાનું ગૌરવ તારો પીઠરક્ષક થશે.**
**9 તું હાંક મારશે, ત્યારે યહોવા તને ઉત્તર આપશે. તું બૂમ પાડશે એટલે તે**

**કહેશે, હું આ રહ્યો. જો તું જુલમની ઝૂંસરીને તથા ચેષ્ટા કરવાનું તથા ભૂંડું બોલવાનું તારામાંથી દૂર કરે,**
**10 અને તારી ઈષ્ટ વસ્તુઓ જો ભૂખ્યાઓને આપી દે, અને દુ:ખી માણસના જીવને તૃપ્ત કરે, તો તારો પ્રકાશ અંધકારમાંથી ઝળકી ઊઠશે, ને તારો ગાઢ અંધખાર બપોરના જેવો થઈ જશે.**
**11 યહોવા તને નિત્ય દોરશે, ને સુકવણાની વેળાએ તારો જીવ તૃપ્ત કરશે, ને તને નવું બળ આપશે. તું સારી રીતે પાણી પીવડાવેલી વાડીના જેવો, ને ઝરાના અખૂટ પાણીના જેવો થઈશ.**

જ્યારે આપણે જિદ્દી બનીને જરૂરી બદલાવ લાવવામાટે આનાકાની કરીએ ત્યારે આપણી જિંદગીમાં રાત્રિની ઋતુ લાંબી બનતી જાય છે અને સવાર મોડી થાય છે.

ઉપરના વચનમાં શબ્દ "તો" બહુ અગત્યનો છે. *"તો તારો પ્રકાશ અંધકારમાંથી ઝળકી ઊઠશે, ને તારો ગાઢ અંધખાર બપોરના જેવો થઈ જશે"* (યશાયા 58:10). ક્યારે? જ્યારે કોઈ એક વ્યક્તિ જે ઈશ્વર ઈચ્છે છે તે કરે છે. દુષ્ટતાને બંધ કરે, જુલમ કરવાનું બંધ કરે, ભૂખ્યાઓને ખાવાનું આપે અને જેઓને જરૂરત હોય તેઓની કાળજી લે અને તેમનાથી દૂર ના જાય.

આપણે વચનમાં જોઈએ છે *'કાયરોસ'* અથવા "પૂર્ણ થયેલ સમય" તે જ્યારે ઈશ્વરની ઇચ્છા જે તે વ્યક્તિના જીવન અને તેના જીવનની પરિસ્થિતી સાથે મળીને આવે છે. ઈશ્વર આપણી આસપાસની વસ્તુઓ (લોકો, સ્થાનો અને આપણી આસપાસની વસ્તુઓ) ને સરળતાથી ગોઠવી શકે છે. તેઓ જ્યાં સુધી આપણામાં (આપણું હૃદય, વલણ, આપણું ચરિત્ર, આપણા લોકો સાથેના સંબધો અને તેવું) તે ઇચ્છે છે તે પ્રમાણે ના ગોઠવાઈ જાય. જેટલું જલ્દી આપણે તેની ઇચ્છા, યોજના અને હેતુ સાથે સંલગ્ન થઈ જઈએ તેટલા જલ્દી આપણે આપણા જીવનની આવનારી ઋતુમાં પરીવર્તન પામીએ છીએ.

## જે રીતે આપણે અંદર આવીએ છીએ તે આપણું બહાર જવાનું પણ નક્કી કરે છે

- જો ઈશ્વર તમને અંદર લાવ્યા છે, તો ઈશ્વર તમને બહાર કાઢશે.
- જો તમે પોતાની મૂર્ખાઈથી અંદર ગયા છો તો તેમાંથી બહાર આવો તે પહેલા તમારે થોડો બદલાવ લાવવાની અને પાઠ શીખવાની જરૂર છે. તમારી મૂર્ખાઈને ઉલટાવી દો.
- જો બીજાઓને કારણે તમને ધકેલવામાં આવ્યા છે, તો ઈશ્વર તમને બહાર ખેંચી કાઢવા બીજાઓનો ઉપયોગ કરશે. યૂસફનો વિચાર કરો કે જેને પોટીફારની પત્નીએ કેદખાનામાં નંખાવ્યો હતો. ઈશ્વરે રસોઈયાનો ઉપયોગ કર્યો તેને બહાર લાવવા માટે.
- જો શેતાન તીવ્રતાથી તમારી વિરુદ્ધ આવ્યો છે, અને જો આપણે અડગ રહીશું, તો તે ભાગશે.

## આનંદિત મનના રહો

હું અહીં એક અદ્દભુત વચન જ બાઇબલમાં છે તે દ્વારા સમાપ્ત કરવા માંગુ છું કે જે આપણને રાત્રિની ઋતુમાં આશા આપે છે. આ વચન મારા જીવનમાં ખૂબ જ પ્રેરણાદાયક હતા જ્યારે હું મારા જીવનની રાત્રિની ઋતુમાંથી પસાર થઈ રહ્યો હતો.

**ઉત્પત્તિ 41:51,52**

**51 અને યૂસફે જ્યેષ્ઠ દિકરાનું નામ મનાશ્શા પાડયું; કેમ કે [તેણે કહ્યું,] “ઈશ્વરે મારા સર્વ કષ્ટ તથા મારા પિતાના ઘરનું સર્વ મને વીસરાવી દીધું છે.”**

**52 અને બીજાનું નામ તેણે એફ્રાઇમ પાડયું. કેમ કે [તેણે કહ્યું,] “મારા દુ:ખના દેશમાં ઈશ્વરે મને સફળ કર્યો છે.”**

યૂસફ જ્યારે પ્રધાનમંત્રી બન્યો ત્યારબાદ તેને બે પુત્રો થયા. પહેલાનું નામ મનાશ્શા અને બીજાનું નામ એફ્રાઇમ. બંનેના નામનો મતલબ બહુ જ અર્થપૂર્ણ છે જ્યારે આપણે

જોઈએ છીએ કે યૂસફે પોતાના જીવનમાં કેટલી સહનશીલતા રાખવી પડી. ઈશ્વર તમને જે ભૂમિમાં તમે દુખ ભોગવ્યું હોય ત્યાં તમને ફળદ્રુપ બનાવી શકે છે (ઉત્પત્તિ 41:51,52). આમેન! ઈશ્વર આ રીતે કાર્ય કરે છે. તમે કદાચ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યા છો અને ચિંતાતુર છો, કદાચ તમે જેમાંથી જઇ રહ્યા છો તેમાં તમને ભાવનાત્મક ઘા પણ લાગ્યો હોય. પણ તમે ઉત્સાહી રહો કારણકે બાઇબલના ઈશ્વર તમારા સંઘર્ષની યાદોને ભૂંસી નાખવાનું અભિવચન આપે છે. શું આ અદ્દભુત નથી! આપણે એક અદ્દભુત ઈશ્વરની સેવા કરીએ છીએ. આજે, જ્યારે હું ભૂતકાળના મારા મુશ્કેલ સમયમાં મેં જે સહનશીલતા બતાવી અને ઈશ્વરનો આભાર માનું છુ કે જે કિંમતી સત્યો હું શીખ્યો કે જે ઈશ્વરે મારી સાથે વહેંચ્યા. કેટલાક પુસ્તકો કે જે હું લખી શક્યો, જેવા કે **"શુદ્ધ કરનાર આગ"** અને **"પ્રત્યેક હેતુ માટે સમય"** કારણકે હું જ્યારે મુશ્કેલ પરિસ્થિતીમાંથી જઇ રહ્યો હતો ત્યારે આ પાઠ શીખ્યો હતો.

ગીતશાસ્ત્ર 30:5
**કેમ કે તેમનો કોપ માત્ર ક્ષણિક છે; પણ તેમની મહેરબાની જિંદગીભર છે. રુદન રાતપર્યંત રહ, પણ સવારમાં હર્ષાનંદ થાય છે.**

ગીતશાસ્ત્ર 30:11,12
**11 તમે મારા વિલાપને બદલે મને નૃત્ય આપ્યું છે; તમે મારુ ટાટ ઉતારીને મને ઉત્સાહથી વેષ્ટિત કર્યો છે.**
**12 જેથી મારું ગૌરવ તમારાં સ્તોત્ર ગાય, અને ચૂપ રહે નહિ, હે યહોવા મારા ઈશ્વર, હું સદાકાળ તમારી આભારસ્તુતિ કરીશ.**

ગીતશાસ્ત્ર 102:13
**તમે સિયોન પર દયા કરશો; તેના પર દયા કરવાનો વખત, એટલે ઠરાવેલો સમય, આવ્યો છે.**

સવાર જરૂર આવશે! આપણે રાત્રિભર રડ્યા હોઈશું પણ યાદ રાખીએ એ કે સવાર જરૂર આવશે (ગીતશાસ્ત્ર 30:5). ઈશ્વર આપણા રુદનને હર્ષમાં બદલી નાંખવામાટે સક્ષમ છે. તે તમારું ટાટ ઉતારીને ઉત્સાહથી તમને વેષ્ટિત કરશે

(ગીતશાસ્ત્ર 30:11,12). ઈશ્વર તે કરી શકે છે! ઈશ્વરના વચનની ઉપર વિશ્વાસ રાખો. જ્યારે તમારા જીવનનો “ઠરાવેલ સમય” આવશે, ઈશ્વર તમારી ઉપર કૃપાદૃષ્ટિ બતાવવામાં પાછા નહિ પડે. પણ જ્યાં સુધી તે સમય આવે ત્યાં સુધી આપણે રાહ જોવાની અને આશા ખોવી દેવાની જરૂર નથી. મુશ્કેલ પરિસ્થિતીથી એવું વિચારીને કે અન્ય જગ્યાએ બધુ ઉજળું છે તેમ માનીને ભાગી જવાની ભૂલ ના કરો. ઈશ્વરના સમયની રાહ જુઓ અને ઈશ્વરથી આગળ દોડવાની ઉતાવળ ના કરો. તમારા પાઠ જલ્દી શીખો અને ઈશ્વરની કૃપાદૃષ્ટિ તમારા સુધી પહોંચવા દો. સમય કે જે તમને તેની કૃપાનો અનુભવ કરાવે તે જરૂરથી આવશે!

# શું તમે જાણો છો કે ઈશ્વર તમને પ્રેમ કરે છે?

આશરે 2000 વર્ષ અગાઉ, ઈશ્વર આ જગતમાં માનવ તરીકે આવ્યા. તેમનું નામ ઇસુ છે. તેઓ સંપૂર્ણપણે પાપરહિત જીવન જીવ્યા. જે રીતે ઇસુ દૈહિક રીતે ઈશ્વર હતા, તેથી તેમણે જે કહ્યું અને કર્યું તે આપણી સમક્ષ ઈશ્વરને પ્રગટ કરે છે. તેઓ જે શબ્દો બોલ્યા તે સાચે જ ઈશ્વરના શબ્દો હતા. તેઓએ જે બાબતો કરી તે દરેક ઈશ્વરના કાર્યો હતા. ઇસુએ પૃથ્વી પર ઘણાં ચમત્કારો કર્યા. તેમણે માંદાઓ અને દુ:ખીઓને સાજા કર્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓના કાન ખોલી નાખ્યા, લંગડાઓને ચાલતા કર્યા અને દરેક પ્રકારની બીમારીઓ અને રોગ મટાડ્યા. તેમણે ચમત્કારિક રીતે થોડી રોટલીને અનેકઘણી કરીને ભુખ્યાઓને ખવડાવ્યું, તોફાનને શાંત કર્યું અને બીજી ઘણી અદ્દભુત બાબતો કરી.

**આ દરેક કાર્યો આપણને દર્શાવે છે ઈશ્વર ભલા ઈશ્વર છે જે ચાહે છે કે બધા જ લોકો સારું, સંપૂર્ણ, તંદુરસ્ત અને સુખી જીવન જીવે. ઈશ્વર ચાહે છે કે બધા જ લોકોની જરૂરિયાતો પૂરી પડાય.**

તો શા માટે ઈશ્વરે માનવ બનીને આ જગતમાં આવવાનું નક્કી કર્યું? શા માટે ઇસુ આવ્યા?

આપણે દરેકે પાપ કર્યું છે અને ઈશ્વર કે જેણે આપણું સૃજન કર્યું તેની સમક્ષ અસ્વીકાર્ય કાર્યો કર્યા છે. પાપના પરિણામો નક્કી જ છે. પાપ એ આપણી અને ઈશ્વરની વચ્ચે અભેદ દીવાલ સમાન છે. પાપ આપણને ઈશ્વરથી જુદા કરે છે અને જેમણે આપણું સર્જન કર્યું છે તેવા ઈશ્વરને પારખવાથી અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. અને તેથી ઘણાં લોકો આ ખાલી જગ્યાને અન્ય બાબતોથી ભરવા માટે પ્રયાસ કરે છે.

આપણાં પાપનું અન્ય એક પરિણામ ઈશ્વરથી અનંતકાળીક વિચ્છેદ છે. ઈશ્વરના ન્યાયાલયમાં, પાપની સજા મૃત્યુદંડ છે. મૃત્યુ-સદાને માટે નરકમાં ઈશ્વરથી વિચ્છેદ છે.

પરંતુ સુસમાચાર એ છે કે આપણે પાપથી છુટકારો મેળવી શકીએ છીએ અને ઈશ્વરમાં પુન: સ્થાપિત થઈ શકીએ છીએ. બાઇબલ કહે છે કે, ***"કેમ કે પાપનો મુસારો મરણ છે, પરંતુ આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તમાં દેવનું***

*કૃપાદાન અનંતજીવન છે"* **(રોમનને પત્ર 6:23).** જ્યારે ઇસુ વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે સમગ્ર જગતના પાપોને સારું ખંડણી ભરી દીધી છે. ત્યારબાદ ત્રણ દિવસ પછી તેઓ સજીવન થયા, ઘણાઓને પોતે જીવંત છે તે બતાવ્યુ અને ત્યાર પછી પાછા સ્વર્ગમાં જતાં રહ્યા.

ઈશ્વર પ્રેમ અને દયા કરવામાં ભલા છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઈપણ વ્યક્તિ નરકમાં જાય. અને તેથી, તેઓ સમગ્ર માનવજાતને પાપથી છુટકારો પામવાનો રસ્તો અને એના અનંતકાળીક પરિણામો બતાવવા આવ્યા. તેઓ પાપીઓને બચાવવાને—તમારા અને મારા જેવા લોકોને પાપથી છોડાવવા અને અનંતકળીક મૃત્યુથી બચાવવા આવ્યા.

પાપોની આ મફત માફી મેળવવા માટે, બાઇબલ આપણને કહે છે કે આપણે કેવળ એક જ કામ કરવાનું છે—પ્રભુ ઇસુએ વધસ્તંભ જે કાર્ય કર્યું તેને સ્વીકારી લેવું અને તેમના પર પૂરા હ્રદયથી વિશ્વાસ કરવો.

*"... જે કોઇ તેના ઉપર વિશ્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે."* **(પ્રેરિતોના કૃત્યો 10:43).**

*"જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કાબુલ કરીશ, અને દેવે તેને મુએલામાંથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંત:કરણમાં રાખીશ તો તું તારણ પામીશ."* **(રોમનોને પત્ર 10:9).**

જો તમે પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરશો તો તમે પણ તમારા પાપની માફી અને શુદ્ધતા પામી શકો છો.

અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઇસુએ તમારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેના પર વિશ્વાસ કરવાનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને પ્રભુ ઇસુએ તમારે માટે જે કર્યું છે સ્વીકારવાની અભિવ્યક્તિમાં અને પાપોની માફી તથા શુદ્ધતા પ્રાપ્ત કરવા માટે મદદરૂપ થશે. આ પ્રાર્થના માત્ર એક માર્ગદર્શિકા છે. તમે તમારા પોતાના શબ્દોમાં પણ પ્રાર્થના કરી શકો છો.

*પ્રિય પ્રભુ ઇસુ, તમે મારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેને હું આજે સમજ્યો છું. તમે મારે માટે મરણ પામ્યા. તમે તમારું મૂલ્યવાન રક્ત મારે માટે વહેવડાવ્યું અને મારા પાપોની ખંડણી ભરી કે જેથી મને મુક્તિ મળે. બાઇબલ મને કહે છે કે જે કોઈ તમારા નામ વિશ્વાસ કરે છે*

તે તેના પાપોથી છુટકારો પામે છે.

આજે, મે તમારા પર વિશ્વાસ કરવાનું અને વધસ્તંભ પર મરણ પામીને તથા મરણમાંથી સજીવન થઈને મારે જે જે કાર્ય કર્યું છે તેને સ્વીકારવાનું નક્કી કર્યું છે. હું જાણું છું કે હું મારા સારા કર્મો વડે મારી જાતને બચાવવામાં અસમર્થ છું, અને અન્ય કોઈ મનુષ્ય મને બચાવી શકતો નથી કે મારા પાપોને માટે કિંમત ચૂકવી શકતો નથી.

આજે, હું મારા હૃદયમાં વિશ્વાસ કરૂં છું અને મારે મોઢે કબુલ કરૂં છું કે તમે મારે માટે મરણ પામ્યા, તમે મારા પાપોને માટે ખંડણી ચૂકવી છે, તમે મરણમાંથી સજીવન થયા છો, અને તમારા પરના વિશ્વાસ થકી, મને મારા પાપોની ક્ષમા અને શુદ્ધિકરણ પ્રાપ્ત થાય છે.

પ્રભુ ઇસુ તમારો આભાર. તમને પ્રેમ કરવામાં, તમને વધુ પારખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવા માટે મને મદદ કરો.

આમેન

# ઓલ પીપલ્સ ચર્ચ વિષે

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે અમારું દર્શન છે કે અમે બેંગ્લોર શહેરમાં મીઠું અને પ્રકાશ બનીએ, દેશ અને વિદેશોમાં એક અવાજ બનીએ.

ઓલ પીપલ્સ ચર્ચ એ એક **ઇસુ પ્રેમી, વચન કેન્દ્રિત, આત્માથી ભરપૂર**, કૌટુંબિક મંડળી, સજ્જતાનું કેન્દ્ર, મિશન કેન્દ્રની સેવા આધારિત અને એક વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન છે.

- **કૌટુંબિક મંડળી તરીકે**, અમે ખ્રિસ્ત કેન્દ્રિત સંગત સમાજ તરીકે, ઈશ્વરની મંડળી તરીકે એકબીજાની કાળજી લઈને અને સેવા કરીને સાથે મળીને વૃદ્ધિ પામીએ છીએ.
- **સજ્જતાના કેન્દ્ર તરીકે**, અમે દરેક વિશ્વાસી વ્યક્તિને વિજયવંત જીવન જીવવા, ખ્રિસ્તસમાન ચારિત્ર્યમાં પરિપક્વ બનવા અને તેઓના જીવનોમાં ઈશ્વરના હેતુઓ પરિપૂર્ણ કરવા માટે સક્ષમ અને સજ્જ કરીએ છીએ.
- **મિશન કેન્દ્ર તરીકે**, અમારા શહેર, દેશ અને વિદેશોને ઈશ્વરના વચનો અને પવિત્ર આત્માના અલૌકિક પ્રકટીકરણ વડે ઇસુ ખ્રિસ્તની પૂર્ણ સુવાર્તા સાથે આશીર્વાદિત કરવા અમે અર્થપૂર્ણ સેવા કરવામાં લાગેલા છીએ.
- **વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન તરીકે**, અમે સ્થાનિક અને વૈશ્વિક સ્તરે ઈશ્વરના આગેવાનોને અને આત્માથી ભરપૂર મંડળીઓનું પોષણ કરીએ છીએ જે તેઓના વિસ્તારોને ઈશ્વરના રાજ્ય માટે પ્રભાવિત કરે.

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે, અમે ઈશ્વરના પવિત્ર આત્માના અભિષિક્તપણામાં અને પ્રકટીકરણમાં ઈશ્વરના વચનને કોઈપણ જાતનું સમાધાન કર્યા વિના સંપૂર્ણપણે રજૂ કરવા પ્રતિબદ્ધ છીએ. અમે માનીએ છીએ કે સારું સંગીત, રચનાત્મક રજૂઆત, નિષ્ણાત બાઇબલ જ્ઞાન, સમકાલીન સેવાકીય તકનીકો, આધુનિક તકનીકી સાધનો, અને વિગેરે, પવિત્ર આત્માના સામર્થ્યમાં ચિન્હો, ચમત્કારો, આશ્ચર્યકારક કાર્યો અને કૃપાદાનો થકી ઈશ્વર દ્વારા અભિષિક્ત વચન પ્રગટ કરવાના અભિગમનું સ્થાન લઈ શકે નહિ (1 કરિન્થિઓને પત્ર 2:4,5; હિબ્રુઓને પત્ર 2:3,4). અમારો મુદ્રાલેખ ઇસુ છે, અમારી સામગ્રી વચન છે, અમારી પદ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારી ધગશ લોકો છે અને અમારો ઉદ્દેશ ખ્રિસ્તસમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકની સાથે, ઓલ પીપલ્સ ચર્ચની ભારતભરમાં અન્ય ઠેકાણે પણ મંડળીઓ છે. વર્તમાન યાદી પ્રાપ્ત કરવા માટે ઓલ પીપલ્સના સેવાના કેન્દ્રોનો સંપર્ક કરવા માટે, કૃપા કરી અમારી વેબસાઇટ apcwo.org/locations મુલાકાત લેશો અથવા અમને contact@apcwo.org. આ સરનામે ઇ મેઈલ પણ કરી શકો છો.

# વિનામૂલ્ય પ્રકાશનો

A Church in Revival
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages
Change
Code of Honor
Divine Favor
Divine Order in the Citywide Church
Don't Compromise Your Calling
Don't Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God's Purpose for Your Life
Gifts of the Holy Spirit
Giving Birth to the Purposes of God
God Is a Good God
God's Word—The Miracle Seed
How to Help Your Pastor
Integrity
Interpreting Scripture
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses—Don't Take Them
Open Heavens
Our Redemption
Receiving God's Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith
The Conquest of the Mind
The Father's Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus
The Night Seasons of Life
The Power of Commitment
The Presence of God
The Redemptive Heart of God
The Refiner's Fire
The Spirit of Wisdom, Revelation and Power
The Wonderful Benefits of Praying in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different
Who We Are in Christ
Women in the Workplace
Work—Its Original Design

નવા પુસ્તકો નિયમિત રીતે પકાશિત થાય છે. APC ખ્રિસ્તી પુસ્તકો PDF, ઓડિયો અને અન્ય સ્વરૂપે વિનામુલ્યે ડાઉનલોડ કરવા માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/books** ની મુલાકાત લેશો. આ પૈકીના ઘણાં પુસ્તકો અન્ય ભાષાઓમાં પણ પ્રાપ્ય છે. વિનામુલ્યે ઓડિયો અને વિડીયો સંદેશાઓ, સંદેશાઓની નોંધ અને અન્ય સંસાધનો માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/sermons** ની મુલાકાત લેશો.

# કેરિસલિસ કાઉન્સેલિંગ

કવચયુક્ત સલાહ વ્યક્તિગત સલાહ પૂરી પાડે છે જે લોકોને જીવનના પડકારોનો સામનો કરવા અને તેની પર વિજય પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. કવચયુક્ત સલાહ એક વ્યાવસાયિક રીતે તાલીમબદ્ધ અને અનુભવી ખ્રિસ્તી સલાહકારોની ટીમ છે.

અમારી સેવાઓ દરેક વયજૂથના લોકો માટે છે અને જીવનના વિવિધ પડકારોને ઉદ્દેશીને આપવામાં આવે છે.

- **કિશોરાવસ્થા**
- **વ્યક્તિગત અનુકૂળતા**
- **સંબધોમાં પડકારો**
- **શૈક્ષણિક ઓછી સિદ્ધિ**
- **કામ સંબંધિત સમસ્યાઓ**
- **કુટુંબ / દંપતિ: લગ્ન પહેલા/ લગ્ન પછી**
- **માતા-પિતા / બાળકો / ભાઈ-બહેન/ સહકર્મી**
- **વર્તણૂક સબંધી વિકૃતિઓ**
- **વ્યક્તિત્વ સબંધી વિકૃતિઓ**
- **મનોવૈજ્ઞાનિક / ભાવનાત્મક પ્રશ્નો**
- **તણાવ / પ્રતિશોધ**
- **દારુ / માદક પદાર્થ અપરાધ**
- **આધ્યાત્મિક સમસ્યાઓ**
- **જીવન માર્ગદર્શન**

કવચયુક્ત સલાહની ફી વ્યાજબી છે અને અમારા કોઈપણ તાલિમબદ્ધ સલાહકાર સાથે અગાઉથી મુલાકાત નક્કી કરીને મેળવી શકાય છે.

**વેબસાઇટ** : **chrysalislife.org**
**ફોન:** +91-80-25452617 અથવા ટોલ ફ્રી (સંપૂર્ણ ભારતમાંથી) 1-800-300-00998
**ઈમેલ: counselor@chrysalislife.org**

કવચયુક્ત સલાહ કેન્દ્ર ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચની એક સેવા છે.

# ઓલ પીપલ્સ ચર્ચ સાથે સહભાગીતા

ઓલ પીપલ્સ ચર્ચ એક સ્થાનિક મંડળી તરીકેની પોતાની સીમાઓની બહાર જઈને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, ખાસ રીતે (1) આગેવાનોનું સશક્તિકરણ, (2) સેવાને માટે યુવાનોને સજ્જ કરવા, (3) ખ્રિસ્તના શરીર (મંડળી)નું બાંધકામ, સાથે ધ્યાન કેન્દ્રિત કરીને પોતાની સેવાઓ આપે છે. વર્ષ દરમ્યાન 'ખ્રિસ્તી આગેવાનો માટેની પરિષદ' અને યુવાનોની તાલીમ માટેના સંખ્યાબંધ સેમિનાર રાખવામાં આવે છે. વધુમાં, વિશ્વાસીઓને વચન અને આત્મામાં સજ્જ કરવાના હેતુસર હજારોની સંખ્યામાં અંગ્રેજી અને અન્ય ભારતીય ભાષાઓમાં વિવિધ પ્રકાશનોની નકલોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

અમે આપને એકવારના કે માસિક નાણાકીય દાનો માટે સહભાગીદારી કરવા આમંત્રણ આપીએ છીએ. સમગ્ર ભારતમાંથી આપનું કોઈપણ દાન જે આપ અમને સહાયરૂપ થવાના હેતુસર મોકલો છો તેની અમે પુષ્કળ કદર કરીએ છીએ.

આપ આપના દાનો અમને અમારી ઓફિસના સરનામે “ઓલ પીપલ્સ ચર્ચ”ની તરફેણમાં ચેક/બેન્ક ડ્રાફ્ટ સ્વરૂપે મોકલી શકો છો. અથવા તો, આપ આપના દાનો અમારા બેન્ક ખાતામાં સીધા જમા કરાવીને પણ આપી શકો છો. નીચે અમારા બેન્ક ખાતાની વિગતો આપેલી છે.

**અકાઉન્ટ નમ્બર**: All Peoples Church
**અકાઉન્ટ નમ્બર**: 50200068829058
**IFSC કોડ**: HDFC0004367
**બેંક**: HDFC Bank, 7M/308 80 Ft Rd, HRBR Layout, Kalyan Nagar, Bengaluru, Karnataka - 560043

***કૃપા કરીને નોંધ લેશો:*** *ઓલ પીપલ્સ ચર્ચ માત્ર ભારત ખાતેની બેન્કોના બેન્ક ખાતા દ્વારા નાણાકીય સહયોગ સ્વીકારી શકે છે. આપનો નાણાકીય સહયોગ આપતી વખતે જો આપ ઈચ્છો તો, અમારી કઈ ચોક્કસ સેવા માટે આપના સહયોગનો ઉપયોગ થાય તે આપ દર્શાવી શકો છો. વધુ માહિતી માટે કૃપા કરી અમારી વેબસાઇટ* **apcwo.org/give** *ની મુલાકાત લેશો.*

અને હા, કૃપા કરી અમારી સેવાઓ માટે જ્યારે પણ આપને અનુકૂળ હોય ત્યારે અવશ્ય પ્રાર્થના કરશો.

**તમારો આભાર અને ઈશ્વર તમને આશિર્વાદ આપે!**


## DOWNLOAD THE FREE APP!

*Search for*

"All Peoples Church Bangalore"
in the App or Google play stores.

Available on the App Store

ANDROID APP ON Google play







***A daily 5-minute video devotional.***
***A daily Bible reading and prayer guide.***
***5-minute Sermon summary.***
***Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.***
***Resources with sermons, sermon notes, TV programs, books, music and more.***

***IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!***

# निःशुल्क ऐप डाउनलोड करें:

**ऐप स्टोर या प्ले स्टोर में खोजें**
**“ऑल पीपुल्स चर्च (APCWO)”/**
**All Peoples Church Hindi**

Available on the App Store

ANDROID APP ON Google Play




*विश्वास को मजबूत करने और सुसमाचार साझा करने के लिए विभिन्न विषयों पर आधारित वचनों के टूलकिट।*
*उपदेशों, टीवी कार्यक्रमों, पुस्तकों, संगीत और बहुत कुछ से भरे संसाधन।*
*अगर आपको यह पसंद आए, तो*
***दूसरों को भी इसके बारे में बताएं!***

# ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ

**apcbiblecollege.org**

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ અને સેવાકીય પ્રશિક્ષણ કેન્દ્ર, બેંગલોર, ઇંડિયા, એક આત્માથી ભરપૂર, અભિષિક્ત, પ્રશિક્ષણની સાથે અનુભવ અને ઈશ્વરના વચનોને એક સૈદ્ધાંતિક રીતે શીખવામાં અને પવિત્ર આત્માના અલૌકિક સામર્થ્યમાં સેવા કરવામાટે શિક્ષણ આપે છે. અમે વ્યક્તિને સંપૂર્ણ રીતે સેવા કરવામાટે તેના વિકાસમાં એક દૈવીય ચરિત્ર, ઈશ્વરના વચનમાં ઊંડાણપૂર્વક સમજ અને ઇશ્વરી શક્તિદ્વારા તેના અજાયબ પરાક્રમો અને ચમત્કારોના પ્રદર્શનથી દરકે બાબતો ઈશ્વરસાથેના સંબદ્ધમાં ઘનિષ્ઠતા કેળવવામાં મદદરૂપ થઈએ છીએ.

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ (APC-BC) માં, એક સૈદ્ધાંતિક શિક્ષણની સાથે અમે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવો અને પવિત્ર આત્માના અભિષેક અને હાજરીનો અનુભવ અને ઈશ્વરના દૈવીય કાર્ય ઉપર ભાર મૂકીએ છીએ. ઘણા બધા જુવાનો અહીં પ્રશિક્ષણ પ્રાપ્ત કરીને ઈશ્વરના દર્શનને તેમના જીવનમાં પૂરું કરવાને માટે તૈયાર થયા છે.

અમે ત્રણ કાર્યક્રમ ચલાવીએ છીએ.

- એક વર્ષ માટે સર્ટિફિકેટ ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (C.Th.)
- બે વર્ષ માટે ડિપ્લોમા ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (Dip.Th.)
- ત્રણ વર્ષ માટે બેચલર ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (B.Th.)

ક્લાસ દર અઠવાડિયે લેવામાં આવે છે. **સોમવારથી શુક્રવાર સવારે 9:00 થી બપોરે 12:00 સુધી, ભારતીય સમય અનુસાર (UTC+5:30).** અમે ત્રણ રીતે પ્રશિક્ષણ માટેના પર્યાય આપીએ છીએ.

- **ઓન કેમ્પસ**: વ્યક્તિગત તમે કોલેજમાં આવીને હાજરી આપો
- **ઓનલાઇન**: ઓનલાઇન દ્વારા તમે ક્લાસમાં હાજરી આપો
- **ઇ-લર્નિંગ**: પોતાની રીતે અમારી વેબસાઇટ ઉપરથી તમે શિક્ષા પ્રાપ્ત કરો. apcbiblecollege.org/elearn

**ઓનલાઇન અરજી** કરવા માટે અને વધુ માહિતી જેમ કે કોલેજ, અભ્યાસક્રમ, પાત્રતા, પ્રશિક્ષણની ફી અને અરજી કરવામાટેના ફોર્મને ડાઉનલોડ કરવામાટે apcbiblecollege.org ની મુલાકાત લો.

આપણે આપણા જીવનના દરેક તબક્કે અલગ અલગ ઋતુઓનો અનુભવ કરીએ છીએ. તેમાંની અમુક બહુ જ અદ્દભુત ઋતુઓ હોય છે જ્યારે અમુક સમયોને આપણે 'રાત્રિની ઋતુ' કહી શકીએ. જ્યારે આપણે 'રાત્રિની ઋતુને' સમજીએ ત્યારે કેટલાક પ્રશ્નોના ઉત્તર આપણે જાણવો જરૂરી છે...

રાત્રિની ઋતુ કયા કારણથી આવે છે?

તે કેવી રીતે બને છે?

રાત્રિની ઋતુ કેમ આવે છે?

અંધકારમય સમયમાં હું શું કરું?

મારી પ્રભાત ક્યારે આવશે.

આ પુસ્તક આ બધા પ્રશ્નોનો ઉત્તર આપે છે અને ઈસુ ખ્રિસ્તમાં જે આપણને આશા છે તેને લીધે મુશ્કેલ પરિસ્થિતિઓમાં આપણને પ્રોત્સાહન આપે છે.

દુખ કદાચ રાત માટે હોય પણ આનંદ સવારમાં જરૂરથી આવે છે!


All Peoples Church & World Outreach
# 319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

Phone: +91-80-25452617
Email: contact@apcwo.org
Website: apcwo.org